RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 187, Dt.22-10-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બંગાળની ખાડીમાં 'દાના' વાવાઝોડાની આફત

## પશ્ચિમ બંગાળ– ઓડીશામાં ત્રાટકશેઃ તારાજી સર્જાવાની ચેતવણીઃ બન્ને રાજયોમાં આગમચેતીનાં પગલાં : ચાર દિવસ શાળાઓમાં રજા જાહેર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય હવામાન વિભાગ દ્વારા બંગાળની ખાડીમાં વાવાઝોડું સક્રિય થઈ શકે છે એવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે. એક તરફ અરબસાગરની લો પ્રેશર સિસ્ટમને કારણે ચોમાસાની વિદાય બાદ પણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે ત્યાં આગામી ત્રણ દિવસમાં બંગાળની ખાડીમાં વાવાઝોડું સર્જાઈને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના ભાગોમાં ટકરાય એવી શક્યતાઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સિસ્ટમ પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ ગતિ કરી રહ્યું છે. જેને કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં તેની હળવી અસર વર્તાઈ શકે છે.

ગુજરાતમાં સામાન્ય રીતે નવરાત્રિ આસપાસ ચોમાસું વિદાય લઈ લેતું હોય છે. આ વર્ષે પણ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધા બાદ પણ વરસાદી કહેર યથાવત છે. ગઈકાલે અમદાવાદ શહેરમાં વીજળીના કડાકાભડાકા સાથે અડધાથી એક ઈંચ વરસાદ વરસ્યો હતો તો બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી સહિતના જિલ્લાઓમાં પણ વરસાદી માહોલ છવાયો છે. હવામાન વિભાગ દ્વારા આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છૂટાછવાયાં સ્થળોએ ભારે



વરસાદની આગાહી કરવામાં આવી છે. દિવાળીને હવે ૧૦ દિવસ જ આડા રહ્યા છે ત્યારે અનેક જિલ્લામાં વરસેલા ધોધમાર વરસાદે ખેડૂતો અને વેપારીઓની ચિંતા વધારી છે. અમદાવાદ શહેરમાં ધોધમાર વરસાદ વરસતાં સિંધુભવન રોડ પર આયોજિત અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલના સ્થળ પર પાણી ભરાયાં હતાં. પવનને કારણે મંડપ અને ડેકોરેશનને પણ નુકસાન પહોંચ્યું હતુ તો ગઢડાનો રમઘાટા ડેમ આ સિઝનમાં ત્રીજીવાર ઓવરફ્લો થયો હતો.

પૂર્વ મધ્ય બંગાળની ખાડીમાં અંદમાન નિકોબાર પાસે એક લો પ્રેશર સિસ્ટમ સક્રિય છે. જે ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪ની સવારે ડિપ્રેશનમાં પરિવર્તિત થાય એવી સંપૂર્ણ શક્યતાઓ છે. ત્યારબાદ તે વધુ ને વધુ સક્રિય થઈને પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધતા ૨૪ તારીખ સુધીમાં સાયક્લોનિક સ્ટોર્મના સ્વરૂપે સક્રિય થઈ શકે છે એટલે કે આ ડિપ્રેશન ૨૪ ઓક્ટોબરના રોજ વાવાઝોડામાં પરિવર્તિત થઈને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા તરફ આગળ વધશે. આ વાવાઝોડાને કતર દેશ તરફથી 'દાના' નામ આપવામાં આવ્યું છે, જેનો અરેબિક ભાષામાં અર્થ ઉદારતા થાય છે. આ વાવાઝોડું ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઓરિસ્સામાં પ્રવેશ કરીને તારાજી સર્જી શકે છે તથા ઓરિસ્સાની આસપાસના રાજ્યમાં પણ તેની અસર વર્તાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત દેશના પશ્ચિમ છેડે આવેલું છે તેથી, રાજ્યમાં દાના વાવાઝોડાની અસરો ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય એવી શક્યતાઓ છે. 'દાના' વાવાઝોડા પહેલા બંગાળની ખાડીમાંથી જ એક સિસ્ટમ સંપૂર્ણ દેશને પાર કરીને ગુજરાત તરફ આવ્યું હતું. પૂર્વથી પશ્ચિમ સુધી આવીને આસના વાવાઝોડા એ ગુજરાતમાં અત્યંત ભારે વરસાદ વરસાવીને તારાજી સર્જી હતી પરંતુ, દાના વાવાઝોડું પૂર્વ મધ્ય બંગાળની ખાડીમાં સક્રિય થયા બાદ તે પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફ ગતિ કરીને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં ટકરાશે,એક તરફ ગુજરાતવાસીઓ હજુ પણ ચોમાસા જેવા ગાજવીજ સાથેના વરસાદનો અનુભવ કરી રહ્યા છે તથા ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ખેડૂતો દ્વારા તૈયાર કરવામાં આવેલો પાક ભારે વરસાદને કારણે ધોવાઈ ગયો છે, જેના કારણે ખેડૂતોને મોટા પાયે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જો આ વાવાઝોડાની અસર ગુજરાત પર થશે તો ભારે નુકસાન થવાની ભીતિ રહેશે પરંતુ, હાલ પૂરતી ગુજરાતના કૃષિ મિત્રોએ વાવાઝોડાથી ડરવાની જરૂરિયાત નથી.

# ધોરણ-૧૦, ૧૨ની બોર્ડની પરીક્ષા ફીમાં પાંચ ટકાનો વધારો કરાયો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષથી એટલે કે આગામી ૨૦૨૫ની બોર્ડ પરીક્ષાથી ધો.૧૨ સાયન્સ સાથે ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની પણ બે વાર બોર્ડ પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. ત્યારે બે વાર બોર્ડ પરીક્ષા-તમામ વિષયોની પુરક પરીક્ષાને પગલે બોર્ડ દ્વારા પરીક્ષામાં પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. નિયમિત,રિપીટર,પૃથ્થક અને ઓપન સ્કૂલિંગ હેઠળ પરીક્ષા આપતા તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટેની ફીમાં વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ફરી એકવાર બોર્ડ પરીક્ષાની ફીમાં વધારો કરવામાં આવ્યો છે. જો કે આ વર્ષે પાંચ ટકા વધારો કરવામાં આવ્યો છે. બોર્ડે બે વાર પરીક્ષા લેવાનું એટલે કે ફેબ્રુઆરી-માર્ચની પરીક્ષા બાદ જુનની પુરક પરીક્ષામાં તમામ વિષયોમાં પરીક્ષા લેવાનું નક્કી કર્યુ છે જેથી હવે બોર્ડને પરીક્ષા ખર્ચ અને મહેનત વધશે .જેને પગલે બોર્ડે ફી વધારો કરી દીધો છે.

ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં નિયમિત, રીપીટર,પૃથ્થક અને ઓપન સ્કૂલિંગના મળીને ૧૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા હોય છે ત્યારે દરેક કેટેગરીની ફીમાં પાંચ ટકા સુધીનો ફી વધારો કરતા બોર્ડની બે પરીક્ષા સાથે બે વાર ફીની પણ આવક થશે. જો કે નિયમિત સિવાયની પૃથ્થક કેટગેરીમાં પાંચ ટકાથી પણ ઓછો ફી વધારો કરાયો છે.

બોર્ડે જાહેર કરેલુ આ નવું ફી માળખુ આ જ વર્ષથી લાગુ થશે અને હવે ટૂંક સમયમાં આ નવી ફી પ્રમાણે ધો.૧૦ અને ૧૨માં પરીક્ષા ફોર્મ ભરાવાની પ્રક્રિયા શરૂ થશે.

# BRICS સમિટમાં ભાગ લેવા વડાપ્રધાન મોદી રશિયા જવા રવાના

## ભારતીય સમુદાયના લોકોએ પીએમ મોદીના સ્વાગત માટે ખાસ તૈયારીઓ કરી : બ્રિક્સ સભ્યોના દેશોના સમકક્ષો સાથે કરશે દ્વિપક્ષીય બેઠક

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

એક તરફ, આજે વડાપ્રધાન મોદી રશિયાની અધ્યક્ષતામાં કાઝાનમાં યોજાનારી ૧૬મી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે દિલ્હીથી રશિયાની બે દિવસની મુલાકાતે રવાના થયા છે. આજે રશિયાના પ્રવાસે રવાના થતા પહેલા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત બ્રિક્સની અંદર ગાઢ સહકારને મહત્વ આપે છે, જે વૈશ્વિક વિકાસ એજન્ડા સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વાતચીત અને ચર્ચા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાન મોદી ૧૬મી બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા માટે બે દિવસની મુલાકાતે રશિયા જવા રવાના થયા છે. ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા જાહેર કરવામાં આવેલ એક વીડિયો જાહેર કરીને માહિતી આપવામાં આવી છે. દક્ષિણ એશિયામાં ભારતના વધતા કદને ધ્યાનમાં રાખીને પીએમ મોદીની આ મુલાકાત ઘણી મહત્વની બની રહી છે. આ કોન્ફરન્સના પહેલા દિવસે પીએમ મોદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે પણ મુલાકાત કરશે. પરંતુ, તમામની નજર મોદી-જિનપિંગની મુલાકાત પર ટકેલી છે. કારણ કે આ કોન્ફરન્સ પહેલા ભારત અને ચીન વચ્ચે કએઈ પર ગલવાન પેટ્રોલિંગને લઈને સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ૨૦૨૦ની ગલવાન અથડામણ બાદ પ્રથમ વખત બંને દેશો પેટ્રોલિંગ પર સહમત થયા છે.

વડાપ્રધાન મોદી રશિયાના કઝાન શહેરમાં બ્રિક્સ સંમેલનમાં ભાગ લેશે. પીએમ મોદીના રશિયા પ્રવાસ દરમિયાન સૌથી વધુ ધ્યાન ભારત અને ચીન પર રહેશે. કએઈ પર પેટ્રોલિંગને લઈને ભારત અને ચીન વચ્ચે થયેલી સમજૂતી બાદ પીએમ મોદી ચીનના રાષ્ટ્રપતિ સાથે




મુલાકાત કરે તેવી શકયતા વધી ગઈ છે. બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા ઉપરાંત વડાપ્રધાન મોદી અનેક દ્વિપક્ષીય બેઠકો પણ કરશે.રશિયાની મુલાકાતે જતા પહેલા પીએમ મોદીએ કહ્યું કે ભારત અને રશિયાના સંબંધો વધુ મજબૂત બનશે. તેમણે કહ્યું, આજે હું રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આમંત્રણ પર ૧૬માં બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે કઝાનની બે દિવસની મુલાકાતે જઈ રહ્યો છું.

# ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૭ તાલુકામાં વરસાદ - અરબી સમુદ્રમાં લો પ્રેશરના કારણે આગામી ૨ દિવસ વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૬૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ સુરતના કામરેજમાં ૨.૫૧ ઈંચ, સુરેન્દ્રનગરમાં ૧.૮૫ ઈંચ અને દેવભૂમિ દ્વારકામાં ૧.૩૭ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન હવામાન વિભાગે મંગળવારે (૨૨મી ઓક્ટોબર) દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, ૨૨ ઓક્ટોબરે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. જેમાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. જ્યારે રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદ પડી શકે છે. વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચમાં ભારે પવન સાથે વરસાદ પડી શકે છે. જામનગર, મોરબી દ્વારકા, બોટાદ તેમજ અમદાવાદ, આણંદ, પંચમહાલ અને દાહોદમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા સ્થળોએ છેલ્લા બે દિવસથી ભારે પવન અને ગાજવીજ સાથે ભારેથી હળવો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં આગામી દિવસમાં વાવાઝોડાની શક્યતા દર્શાવી છે. તેમણે કહ્યું કે,



પઆગામી ૨૨મી ઓકટોબરથી અંદમાન નિકોબાર ટાપુમાં સાયકલોનિક સર્ક્યુલેશન બનવાથી ૧૦૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક ગતિનું વાવાઝોડું થવાની શક્યતા છે. જ્યારે રાજ્યમાં દિવાળીના તહેવારથી ઠંડી પડવાની શરૂ થશે.રાજ્યના વિવિધ ભાગોમાં પડેલા વરસાદના કારણે કપાસ, મગફળી, સોયાબીન, મરચા, ડુંગળી સહિતનાં તૈયાર પાકને વ્યાપક નુકસાન થયું છે. જેને લઈને પીડિત ખેડૂતોને વહેલી તકે યોગ્ય સહાય વળતર ચૂકવવા માંગ ઊઠી છે.

# નકલી IPS, નકલી ટોલનાકુ, નકલી કચેરી બાદ હવે નકલી કોર્ટનો થયો પર્દાફાશ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

નકલી IPS, નકલી ટોલનાકુ, નકલી કચેરી બાદ નકલી કોર્ટ અને નકલી જજનો પર્દાફાશ થયો છે. જેમાં નકલી કોર્ટ કચેરીઓ ઉભી કરી અબજો રૂપિયાની સરકારી જમીનો પચાવી પાડવા માટે બોગસ આરબિટ્રેશન ઉભુ કરીને જજ તરીકે હુકમો કરવામાં આવતા હતા.

આ મામલે કોર્ટમાં થયેલ દીવાની દરખાસ્તથી આખાય મામલે ઘટસ્ફોટ થયો હતો. કોર્ટે નકલી જજ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયનની સામે સિટી સિવિલ કોર્ટના જજ જે.એલ. ચોવટિયાએ રજિસ્ટ્રારને ફરિયાદ દાખલ કરવા હુકમ કર્યો છે. જેના આધારે સિટી સિવિલ કોર્ટના રજિસ્ટ્રારે કારંજ પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે ગુનો નોંધી આરોપી મોરિસ ક્રિશ્ચિયનની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

કોર્ટે નકલી કોર્ટમાં રાખવામાં આવેલ કમ્પ્યૂટર, ઈજ્ઞ સહિતના ઉપકરણો જપ્ત કરવા આદેશ કર્યો છે. આરોપી સામે વર્ષ ૨૦૧૫માં મણિનગર પોલીસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાતા ઝડપાયો હોવાનું સામે આવ્યુ છે.

સિટી સિવિલ કોર્ટે કરેલા હુકમમાં નોધ્યું છે કે, પાલડી પાસે આવેલી સરકારી જમીન પચાવી પાડવા માટે ગુનાઈત કાવતરું રચીને ફ્રોડ એવોર્ડ ઊભો કરવામાં આવ્યો હતો.

આ ફ્રોડ એવોર્ડ હુકમ બનાવવા માટે મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયનને




આર્બિટ્રેટર તરીકે નિમવામાં આવેલો ન હોવા છતાં પોતે આર્બિટ્રેટર-જજ તરીકે એકતરફી અને કાયદાના પ્રબંધો વગર ખોટી ટ્રિબ્યૂનલ એક પ્રકારની કોર્ટ બનાવી હતી. આરોપીએ ન્યાયની કોર્ટ હોય તેવું વાતાવરણ ઊભું કરી સ્ટાફ, વકીલો ઉભા કરી, જજની જેમ વર્તી જાતે જ ક્લેઈમ સ્ટેટમેન્ટ અરજી-દાવો તૈયાર કરી, પોતાની પાસે રજૂકરાવ્યો હતો. દરખાસ્તમાં દર્શાવેલી જમીન વર્ષો પહેલાથી સરકારી માલિકીની કિંમતી જમીન હોવા છતાં ફ્રોડ એવોર્ડ હુકમના આધારે દરખાસ્તની ખાનગી માલિકીની જમીન ઠેરવવા ફ્રોડ એવોર્ડ હુકમ ઉભો કર્યો હતો.

# ભારતીયોએ ઓગસ્ટ મહિનામાં વિદેશમાં ૨ અબજ ડોલરથી વધુ ખર્ચ કર્યો

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ભારતીયોએ ઓગસ્ટ ૨૦૨૪ માં વિદેશમાં ૩.૨ બિલિયન ડોલર ખર્ચ્યા હતાં, જેમાં મોટાભાગનો ખર્ચ પ્રવાસ, વિદેશમાં શિક્ષણ અને સંબંધીઓ પાછળ થયો હતો. ગયાં વર્ષે સ્રોત પર ટેક્સ કલેક્શનની રજૂઆત બાદ પ્રારંભિક ઘટાડો થયાં પછી, આરબીઆઈના ડેટા અનુસાર ફોરેક્સ ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. ડોલરનો ખર્ચ આઉટબાઉન્ડ ટ્રાવેલ દ્વારા ચલાવવામાં આવ્યો હતો, જે મહિના દરમિયાન ૨.૦૪ બિલિયન ડોલર થયો હતો. તે વર્ષે ૧ ઑક્ટોબરથી ૨૦ ટકા કરનો નવો ટીસીએસ દર અમલમાં આવ્યો તે પહેલાં જુલાઈ ૨૦૨૩ માં ભારતીયોએ ખર્ચેલા ૨.૦૪ બિલિયન ડોલર અત્યાર સુધીની સૌથી વધુ રકમ હતી સામાન્ય વર્ષોમાં ભારતીય અંદાજે ૧.૪ બિલિયન ડોલર જ ખર્ચે છે.

વિદેશમાં અભ્યાસ સૌથી વધુ ખર્ચમાં બીજા નંબરે છે. જેમાં ૪૧૬ મિલિયનનો ખર્ચ જોવા મળ્યો હતો , અભ્યાસ માટે ૪૪૬ મિલિયન ડોલર મોકલવામાં આવ્યાં હતાં, અને તેથી સૌથી વધુ ભારતીયોએ વિદેશમાં શિક્ષણ મેળવ્યું હતું. ઑગસ્ટ ૨૦૨૧ માં શિક્ષણ માટેના રેમિટેન્સ ૭૮૦ મિલિયનનો સૌથી ઉચ્ચ સપાટીએ પહોંચી ગયો હતો.

ફોરેક્સ ડીલર્સે જણાવ્યું કે, એકંદરે એલઆરએસ હેઠળ



૩.૨ બિલિયન રેમિટન્સ ઓગસ્ટ ૨૦૨૩ ના ૩.૩ બિલિયન કરતાં ૫ ટકા નીચો હતો. વધુમાં જણાવ્યું કે શિક્ષણની વાત કરીએ તો, આગામી રજાઓ માટે બુકિંગ સાથે મુસાફરીની માંગ સતત વધી રહી છે. ટીસીએસ એ મોટાભાગનાં પ્રવાસીઓ માટે મુખ્ય અવરોધક નથી કારણ કે વ્યક્તિઓ માટે ૨૦ ટકા ટેક્સનો દર પ્રતિ વર્ષે રૂ. ૭ લાખ નક્કી કરવામાં આવી છે. ફોરેક્સ ટ્રેડરે જણાવ્યું કે, નસ્ત્રવિદેશમાં શિક્ષણ માટે જનારા મોટાભાગનાં લોકો રોજગાર મેળવવાનાં ઉદ્દેશ્યથી જઈ રહ્યાં છે. ઘણાં દેશોએ વર્ક વિઝાના નિયમોને કડક બનાવ્યાં છે, તેથી વિદેશમાં શિક્ષણનું આકર્ષણ થોડું ઓછું થયું છે.

# જબલપુરમાં આર્મી ઓર્ડિનન્સ ફેક્ટરીમાં બ્લાસ્ટ

## બે કર્મચારીઓનાં મોત, ૧૦થી વધુ દાઝ્યા; અનેક દટાયાં, બોમ્બ બનાવતી વખતે થયો અકસ્માત

**મુખ્ય સમાચાર,જબલપુર**

જબલપુરની ઓર્ડિનન્સ ફેક્ટરી ખમરિયા માં મંગળવારે સવારે જોરદાર બ્લાસ્ટ થયો હતો. બે કર્મચારીઓના મોત થયા છે જ્યારે ૧૦થી વધુ દાઝ્યા છે. બેની હાલત ગંભીર છે, જેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ફેક્ટરી મેનેજમેન્ટે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. આ બ્લાસ્ટ ફેક્ટરીના ન્નટ્ઠ-૬ સેક્શનના બિલ્ડિંગ નંબર ૨૦૦માં થયો હતો. બ્લાસ્ટ બાદ એક કર્મચારી ગુમ હતો, જેનો મૃતદેહ મળી આવ્યો છે. તે જ સમયે અન્ય એક કર્મચારીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ઓર્ડિનન્સ ફેક્ટરી ખમરિયાના જીએમ અને અન્ય અધિકારીઓ સ્થળ પર હાજર છે. જો કે, અધિકારીઓ હાલમાં મીડિયા સાથે કોઈ માહિતી શેર કરી રહ્યા નથી. કેન્ટ વિધાનસભાના ધારાસભ્ય અશોક રોહાની ઘાયલોને જોવા માટે ઓર્ડિનન્સ ફેક્ટરી ખમરિયા સ્થિત હોસ્પિટલમાં પહોંચ્યા હતા.

વિસ્ફોટમાં ઘાયલ થયેલા કર્મચારીઓને ઘન્નટ્ઠીં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ ફેક્ટરીના ન્નટ્ઠ-૬ સેક્શનમાં બોમ્બ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન હાઈડ્રોલિક સિસ્ટમમાં અચાનક વિસ્ફોટ થયો હતો. ઘટના બાદ ઘાયલ કર્મચારીઓને ઘન્નટ્ઠીં





હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હાલત ગંભીર બનતા કર્મચારીઓ રણધીર, શ્યામલાલ અને ચંદનને ખાનગી હોસ્પિટલમાં રિફર કરાયા હતા. બ્લાસ્ટ કેવી રીતે થયો અને કોની બેદરકારી આના માટે જવાબદાર છે તેની તપાસ શરૂ કરવામાં આવી છે. વિસ્ફોટ બાદ સમગ્ર વિસ્તારમાં અફરા-તફરી મચી ગઈ હતી. અકસ્માતની માહિતી મળતા જ ઓર્ડનન્સ ફેક્ટરીના અધિકારી ઘટનાસ્થળે દોડી ગયા હતા. દરમિયાન પોલીસ અને જિલ્લા પ્રશાસનને પણ જાણ કરવામાં આવી હતી. અધિકારીઓએ તાત્કાલિક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી અને હોસ્પિટલને જાણ કરી. ઘાયલ મજૂરો હોસ્પિટલ પહોંચતા જ તેમની સારવાર શરૂ કરવામાં આવી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે કેટલાક કામદારો ગંભીર રીતે દાઝી ગયા છે. આ ઈજાગ્રસ્ત મજૂરોને તાત્કાલિક બર્ન યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા. અનેક ડોક્ટરોની ટીમ હોસ્પિટલમાં ઘાયલ મજૂરોની સારવાર કરી રહી છે.

# જૂનાગઢના ચિતાખાના ચોકમાં છરીની અણીએ રૂા.૨૭ લાખની લુંટ

## સીસીટીવી ફુટેજમાં નજરે પડતા બે બાઈક સવાર શખ્સોની શોધખોળ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં સાંજે ૫.૪૦ કલાકે ચિતાખાના ચોક નજીક આવેલ ખોજાવાડ વિસ્તારમાં બે શખ્સોએ છરીની અણીએ આશરે ૨૭ લાખ રોકડ ભરેલુ એક બેગ લુંટીને નાસી ગયાની ઘટના સામે આવતા પોલીસની તમામ ટીમો ધંધે લાગી છે, હાલ તો સીસીટીવીના આધારે પોલીસે તપાસ શરુ કરતા બે શખ્સો નજરે ચડતા હોવાનું સામે આવ્યું છે.

જૂનાગઢમાં હેઠાણ ફળીયામાં રહેતા એક શખ્સને લાખો રૂપિયા આપવા માટે એક પાર્ટી આવી હતી અને તે પાર્ટીનો માણસ જયારે પૈસા દેવા માટે શહેરમાં આવ્યો ત્યારે જેને પૈસા આપવાના હતા તેનો સંપર્ક કરતા તેણે ખોજાવાડ પાસે પૈસા આપવાનું કહ્યું અને તેનો માણસ આવીને પૈસા લઈ જશે તેવું ફોનમાં કહ્યું હતું. જેથી પૈસા લઈને આવેલો વ્યક્તિ ખોજાવાડમાં પહોંચ્યો ત્યારે જેને પૈસા આપવાના હતા તેના બદલે કોઈ અજાણ્યા બે શખ્સોએ બાઈક ઉપર આવીને છરી બતાવીને રોકડ ભરેલો બેગ લુંટી ફરાર થયા હતા. પૈસા લુંટાઈ ગયા પછી હેઠાણ ફળીયામાં રહેતા શખ્સને જાણ કરતા તે સ્થળ પર આવ્યો અને કહ્યું જે પૈસા લઈ ગયો છે તે મારો માણસ નથી, જેથી તેઓએ અંતે પોલીસને જાણ કરાતા પોલીસ હરકતમાં આવી ગયેલ હતી, આ અંગે ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું કે, હાલ આ મામલે તપાસ ચાલી રહી છે, પ્રાથમિક માહિતી



પ્રમાણે ૨૭ લાખ જેવી રોકડ રકમ હોવાનું ફરીયાદી પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી છે.

તમામ સીસીટીવી ફૂટેજ ચેક કરી રહ્યા છીએ જેમાં જયાં બનાવ બન્યો ત્યાં બે શખ્સો બાઈક પર આવતા નજરે ચડી રહ્યા છે. લુંટ મામલે ફરીયાદીની ફરિયાદ લેવાની તજવીજ શરુ છે, અને લુંટમાં હાલ રમીઝ ભાવનગરી અને શાહિલ દલ નામના બે શખ્સોના નામ સામે આવી રહ્યા છે. તે સહિતની દિશામાં તપાસ ચાલી રહી છે, હજુ લુંટની રકમ અને શેના માટે મોટી રકમ આવી હતી તે અંગે તપાસ ચાલી રહી છે, કારણ કે, કેશોદથી આંગડીયા મારફત રકમ આવી હોવાનું તો અમુક વિગતો અલગઆવી રહી છે. આવતીકાલ સુધીમાં તમામ વિગતો પરથી પડદો ઊંચકાઈ જશે.

# જામનગરના જુદા -જુદા વિસ્તારોમાં મનપાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોનું ચેકિંગ કરાયુ






જામનગરમાં દિવાળીના તહેવારોને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે મનપાની ફુડશાખા દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં ચેકીંગ હાથ ધરી ૪૯ હોટલ અને દુકાનમાંથી શાક, માવો, પનીર, ફરસાણ, મીઠાઇના નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલાયા છે. જેમાં લાલબંગલા સર્કલમાં ગાયત્રી રેસ્ટોરન્ટમાંથી બટેટાનું શાક, ન્યુ ચેતના લંચહોમમાંથી મિકસ વેજીટેબલ, હોટલ કલ્પના, આતિથ્ય રેસ્ટોરન્ટ, મિ.જેઠાલાલ રેસ્ટોરન્ટ, ગ્રાન્ડ બંસી હોટલ, રાજભોગ રેસ્ટોરન્ટ, ફૌજી પંજાબી ઢાબા, પટેલ વેજ ટ્રીટ રેસ્ટોરન્ટ, હોટલ સ્વાતિ, મદ્રાસ હોટલ, ન્યુ રામ ડેરી રેસ્ટોરન્ટ, રેડ ચીલી પાર્સલ પોઇન્ટમાંથી પનીરના નમૂના લીધા હતાં.જયારે સિધ્ધાનાથ માવા સેન્ટર, ધર્મેશભાઇ માવાવાલા, જંયતીભાઇ માવાવાલા, દિલીપભાઇ માવાવાળા, કમલેશભાઇ માવાવાળા, અંબિકાર ડેરી એન્ડ સ્વીટ, સદગુરૂ ડેરી ફાર્મમાંથી માવોના નમૂના લીધા હતાં. તદઉપરાંત હરીઓમ ફરસાણ, નવકાર સ્વીટ એન્ડ ફરસાણ, મહાવીર ફરસાણ, ઠાકર પેંડાવાલા, શીખંડ સમ્રાટ, સોન હલાવ હાઉસ, વાહેગુરૂ સ્વીટ, જૈન ફરસાણ માર્ટ, જુલેલાલ સ્વીટ માર્ટ, આશીષ ગૃહ ઉધોગ, જયભવાની સ્વીટ, આશનદાસ સ્વીટ, ગોવર્ધન ચેવડાવાળા, જય ભવાની સ્વીટ, ઓમકાર સ્વીટમાંથી ફરસાણ-મીઠાઈના તથા શકિત ગૃહઉધોગ અને બાબુભાઇ મીઠાઈવાલામાંથી મીઠા માવાના નમૂના લીધા હતાં.

# હળવદ તાલુકાના સાપકડા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



સમગ્ર રાજ્યની સાથે મોરબી જીલ્લામાં સેવાસેતુ અન્વયે જનસેવા માટે અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે મોરબીમાં હળવદ તાલુકાના સાપકડા ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. સાપકડા ગામના કલસ્ટર હેઠળના ગામમાંથી આવેલા લોકોને વિવિધ પ્રકારની સરકારી સેવાઓનો સ્થળ પર જ લાભ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય રસીકરણ, રાશન કાર્ડ, ઈ- કેવાયસી, મેડીસીન સારવાર, આધારકાર્ડમાં સુધારા, ૭- ૧૨ અને ૮- અ ના પ્રમાણપત્ર, વિધવા સહાય, જાતિ અને આવકના દાખલા સહિત વિવિધ વ્યક્તિલક્ષી સેવાઓ માટે અરજીઓ અરજદારો દ્વારા કરવામાં આવી હતી. આ તમામ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ, સાપકડા ગામ અને ક્લસ્ટર હેઠળના ગામોના ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના રામણા વાડી વિસ્તારમાં દિવાળી પુર્વે માનવતાની સંગઠન દ્વારા જરૂરિયાતમંદોને કપડાનું વિતરણ કરાયું

**મુખ્ય સમાચાર, ઉના**


અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના

ઉના શહેરમાં છેલ્લા પાંચ વર્ષ કરતા પણ વધુ વર્ષોથી એક દિવાળી માનવતાની સંગઠન દ્વારા રામના વાડી વિસ્તારમાં જરૂરિયાત મંદોને કપડાનું તથા ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું આ સંગઠન છેલ્લા ઘણા વર્ષોથી સેવા કાર્ય કરે છે ગરીબ અને મધ્યમ લોકો દિવાળી સારી રીતે ઉજવે અને તેના બાળકો પણ સારા કપડા પહેરે સારા ચપ્પલ પહેરે તે દિશામાં સેવા કાર્ય આ સંગઠન કરતું હોય છે તેમાં ઉના ગીર ગઢડા અને વેરાવળ આ ત્રણેય ગામોમાં અલગ અલગ તારીખે તેમના મંડપ નખાય ન થાય છે તેમનું વિશાળ સંગઠન અને મિત્ર મંડળ દ્વારા આ સેવા કાર્ય માં કોઈપણ ફાળો લેવામાં નથી આવતો તમામ મિત્ર મંડળ અને સંગઠન દ્વારા આ સેવા કાર્ય થાય છે આ વર્ષે પણ તેમનું સેવા કર્યા અવિરત પ્રમાણે ચાલુ છે કોરોના કાળમાં પણ તેમની અવિરત સેવા




આંખે વળગે તેવી જોવા મળી હતી તેમની આ સેવા કાર્યમાં ધારાસભ્યથી લઈને અનેક રાજકારણીઓ પત્રકારો મુલાકાત લેતા હોય છે અને તેમની સેવા ને બિરદાવતા હોય છે ત્યારે આ સેવા કાર્ય અવિરત ચાલુ રહેશે તેવું તેમના સંગઠન દ્વારા કહેવામાં આવ્યું છે

# જામનગરમાં તળાવમાંથી વૃદ્ધાનો મૃતદેહ મળી આવ્યો



જામનગરમાં તળાવમાંથી વૃધ્ધાનો મૃતદેહ મળી આવતા . બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડે મૃતદેહ બહાર કાઢી પોલીસને સોંપ્યો હતો. બનાવનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે. જામનગરના રણમલ તળાવના ગેઈટ નં.૨ અને ચબૂતરા વચ્ચેના ભાગમાં કોઈ વૃદ્ધાનો મૃતદેહ પડ્યો હોવાની જાણ થતાં ફાયરબ્રિગેડનો સ્ટાફ ધસી ગયો હતો. તળાવમાંથી મૃતદેહ બહાર કાઢી પોલીસને સોંપી આપવામાં આવ્યો છે. આ વૃદ્ધા મોમાઈનગરમાં રહેતા જેઠીબેન ઉત્તમચંદ ગોકલાણી (ઉ.વ.૮૦) હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે.

# મોરબીમાં અલગ અલગ કારખાનામાંથી કોપર ઈલેક્ટ્રીક વાયરની ચોરી કરતી સક્રિય ગેંગ પોલીસ સંકજામાં



મોરબીના તાલુકા પોલીસ મથકમાં અલગ અલગ કારખાનામાં ઈલેક્ટ્રીક કોપર વાયર ચોરીની ફરિયાદ નોંધાવવામાં આવી હોય ત્યારે મોરબી તાલુકા પોલીસ ટીમ કોપર વાયર ચોરતી સક્રિય ગેંગને ઝડપી લેવાની કામગીરીમાં હોય તે દરમિયાન પૂર્વ બાતમીને આધારે જુના ઘુંટુ રોડ ઉપર સોના સીરામીક નજીકથી રીક્ષામાંથી ૧૦૦ કિલો કોપર વાયર ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે કુલ પાંચ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી, ત્યારે તાલુકા પોલીસે રીક્ષા તથા ૧૮૦ કિલો ઈલેક્ટ્રીક કોપર વાયર સહિત કુલ ૧.૯૦લાખનો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ મથક પીએસઆઇ બી.ડી ભટ્ટ સહિત સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન સંયુકતમાં ખાનગીરાહે બાતમી મળેલ કે સી.એન.જી રીક્ષા નંબર જીજે-૦૩-એડબલ્યુ-૭૦૨૧ વાળીમાં ચોરી કરેલ કોપર કેબલ ભરી ઘુંટુ રોડ સોના સીરામીક સામેથી નીકળનાર છે જેથી તાલુકા પોલીસ ટીમ મળેલ બાતમીની જગ્યાએ વોંચ તપાસ દરમ્યાન ઉપરોક્ત રજીસ્ટર નંબરવાળી સી.એન.જી રીક્ષા ત્યાંથી પસાર થતા તેને રોકી તલાસી લેતા તેમાં પાંચ ઈસમો આધાર પુરાવા કે બિલ વગરના કોપર વાયરના જથ્થા સાથે મળી આવતા તમામની અટકાયત કરવામાં આવી હતી. આ સાથે પકડાયેલ આરોપીઓ જીતેન્દ્રભાઇ જીવાભાઇ પરમાર રહે-મચારી જી.પોરબંદર(રિક્ષાચાલક), વિક્રમભાઇ કૈલાશ અંબલીયાર રહે-હાલે મોરબી ત્રાજપર ખારી મુળરહે-સુહાના તા.ગંદવાની જી.ધાર એમ.પી., અમજદભાઇ ફકીરમહંમદભાઇ પઠાણ રહે.મોરબી પાડાપુલ નીચે મુળગામ-રાણાપુર તળાવ ફલીયા જી.જાંબવા, રૂપસિંગ ઉર્ફે દિલીપ પારસિંગ ભુરીયા રહે.મોરબી પાડાપુલ નીચે મુળગામ-મદનકુઇ ગામ તા.રાણાપુર જી.જાંબવા(એમ.પી), વિરેનભાઇ વિજયભાઇ રાઠોડ રહે-મોરબી નટરાજ ફાટક ઝુપડામાં મુળરહે-ચંન્દ્રશેખર આઝાદનગર (ભાવરા) તા.જી.અલીરાજપુર એમ.પી. તથા ગુલામભાઇ જુસબભાઇ ખોલુરા રહે.મોરબી ફલગલી(ચોરીનો માલ રાખનાર)ની પુછપરછ કરતા મોરબી તાલુકા વિસ્તારના અલગ-અલગ કારખાનામાં કોપૅર/ ઈલેક્ટ્રીક કેબલ વાયરની ચોરીની કબુલાત આપતા હોય તેમજ અગાઉ ચારા નામના કારખાનામાં ચોરી કરી ઈલેક્ટ્રીક કોલર વાયર ૧૦૦ કિલો મળી આવતા કબ્જે કરવામાં આવેલ છે, આ ઉપરાંત ઉપરોક્ત સીએનજી રીક્ષા, ૧૮૦ કિલો ઈલેક્ટ્રીક કોપર વાયર સહિત ૧.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આ કેસની આગળની તપાસ તાલુકા પોલીસ મારહકના એએસઆઇ એસ.વી સોલંકી ચલાવી રહેલ છે.

# માળીયા(મી)તાલુકાના સીમ વિસ્તારમાંથી જામગરી બંદૂક સાથે એકને દબોચી લેવાય



માળીયા(મી) પોલીસ ટીમે મળેલ બાતમીને આધારે તાલુકાની સીમમાં વિહ વિસ્તારમાંથી ખેતરના શેઢે બાવળની કાંટમાં છુપાવી રાખેલ દેશી બનાવટની જામગરી(હથિયાર) સાથે એકને ઝડપી લેવામાં આવી તેની વિરુદ્ધ માળીયા(મી) પોલોસ મથકમાં આર્મ્સ એક્ટ તથા જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે. માળીયા(મી) પોલીસ મથક ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે, માળીયા(મી) તાલુકાના વિહ વિસ્તારમા આવેલ જલાઉદીન હારૂનભાઈ કાજેડીયાના ખેતરના શેઢે બાવળની કાંટમાં તૈયબ જલાઉદીન વાળાએ પોતાના ખેતરના શેઢે વાળો પોતાના ખેતરના શેઢે હાથ બનાવટનુ હથિયાર છુપાવી રાખેલ છે જે મુજબની બાતમી માલ્ટા તુરંત માળીયા(મી) પોલીસ ટીમ ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા આરોપી તૈયબભાઈ જલાઉદીનભાઈ કાજેડીયા ઉવ.૨૪ રહે. કાજરડા ગામ તા.માળીયા(મી) વાળા ખેતરમા હાજર હોય જેથી તેને વિશ્વાસમાં લઈ સઘન પુછપરછ કરતા આરોપીએ ખેતરના શેઢે બાવળની કાંટમા હથિયાર છુપાવીને રાખેલ હોવાની કબુલાત આપી હતી. ત્યારે કબુલાત મુજબની જગ્યાએ તપાસ હાથ ધરતા એક દેશી બનાવટની સિંગલ બેરલની જામગરી (હથિયાર) બંદુક નંગ-૦૧ કિ.રૂ.૨૦૦૦/- મળી આવતા હથિયાધારા હેઠળ ગુન્હો રજી. કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. ઉપરોક્ત સફળ કામગીરીમાં માળીયા(મી) પોલીસ મથકના એએસઆઈ વનરાજસિંહ બાબરીયા, કોન્સ હરપાલસિંહ રાજપુત, મોસીનભાઈ સીદી, જયેન્દ્રસિંહ ભટ્ટી, રોહીતભાઈ સોનાગ્રા સહિતના જોડાયેલા હતા.

# જામનગર શહેરમાં બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરમાં જુદી જુદી બે ઘરફોડી ચોરીના બનાવમાં સંડોવાયેલા બે શખસોને પોલીસે દબોચી લીધા હતા જેના કબજામાંથી રૂા. ૨.૪૭ લાખની રોકડ ઉપરાંત સોનાના દાગીના અને મોબાઈલ સહીત રૂા. ૭.૬૯ લાખનો મુદામાલ કબજે કરી બંનેના રીમાન્ડ મેળવી પોલીસે સઘન પુછપરછ હાથ ધરી છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત મુજબ શહેરના સીટી એ પોલીસ મથકના પી.આઈ એન. એ. ચાવડાના નેતૃત્વમાં પોલીસ ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળાએ પોલીસ ટુકડીને ચોકકસ બાતમી મળી હતી કે, છ માસ પુર્વેની એક ઘરફોડીમાં સંડોવાયેલા બે શખસો મોરકંડા રોડ પર સનસીટી સોસાયટીના ગેઈટ નજીક આંટા ફેરા કરી રહયા છે.જેના આધારે ત્વરીત ધસી જઈ પોલીસે એજાજ ઉર્ફે એજલો કાદરભાઈ દાઉદભાઈ શેખ અને તોહિતખાન ઉર્ફે પપ્પુ ફીરોઝખાન શેખને સકંજામાં લીધા હતા જેની પુછપરછમાં તેણે પોલીસ સમક્ષ ઘરફોડીની કેફિતય આપી હતી.જેના કબજામાંથી રૂા. ૨,૪૭,૦૦૦ની રોકડ, એક ચાવીનો ઝુડો, બે સોનાના ચેઈન, સોનાનો ઢાળીયો વગેરે મળી રૂા. ૫,૦૩,૬૦૦ની કિંમતના દાગીના તેમજ જુદા જુદા છ મોબાઈલ ફોન મળી રૂા. ૭.૬૯ લાખથી વધુની માલમતા કબજે કરી હતી. પ્રાથમિક પોલીસ પુછપરછમાં તેણે સીટી એ પોલીસ મથક હેઠળના વિસ્તારમાં છ માસ પુર્વે બે ઘરફોડી



કર્યાની કેફિયત આપી હતી.બંને આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ, ૧ આરોપી સામે ૨૦ ગુના.સીટી એ પોલીસે પકડી પાડેલા આરોપી એજાજ ઉર્ફે એજલા સામે જામનગર ઉપરાંત રાજકોટ, ગાંધીધામ અને અમદાવાદ પોલીસ મથકમાં જુદા જુદા ૨૦ ગુના નોંધાયા હોવાનુ પોલીસસુત્રોએ જણાવ્યુ છે. જયારે અન્ય આરોપી સામે પણ જામનગરના પોલીસ સ્ટેશનમાં બે ગુના નોંધાયા હોવાનુ ઉમેર્યુ હતુ.

# પોલીસ સ્મૃતિ દિન નિમીતે શહિદોને શ્રદ્ધાંજલી...





જામનગરના પોલીસ હેડ કવાર્ટરમાં શહિદ સ્મારક ખાતે શહિદ પોલીસકર્મીઓ અને સિપાઈઓને ભાવભરી શ્રઘ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી, રાષ્ટ્રની સુરક્ષા માટે ફરજ બજાવીને સમર્પીત થયેલ બહાદુર જવાનોને શ્રઘ્ધાંજલી આપતી વેળાએ જામનગરના ઈન્ચાર્જ એસપી આર.બી. દેવધા, ડીવાયએસપી પંડયા તેમજ અન્ય પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થીત રહયા હતા.

# મોરબી માળીયા હાઈવે પર ટેન્કર માંથી ગેસ કટીંગ કેસના આરોપી શેતાનકુમાર સુર્જનરામ બાંગડવા જામીન મુકત

(અહેવાલઃ જયેશ બોખાણી)



આ કામે ની ફરિયાદ એવી છે કે આ કામે ના આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણ કરી પોતાના અંગત ફાયદા સારૂ મોરબી માળીયા હાઈવે રોડ ઉપર ગાળા ગામ ની સીમ માં આવેલ સુખસાગર હોટેલના કંપાઉન્ડ માં સહઆરોપીઓએ અદાણી એન્ટરપ્રાઈઝ લીમીટેડના લીકવીફાઈડ પ્રોપેન ગેસ ભરેલ ટેન્કરના ચાલકનો સંપર્ક કરી માણસની જીંદગી જોખમમાં મુકાય, મૃત્યુ નિપજે તો ખુન ન ગણાય તેવી જાણકારી સાથેનુ ગુન્હાહિત મનુષ્યવધ કરવાની કોશિષ કરવાનું કૃત્ય કરી સદરહું ગેસ જવલનશીલ સળગી ઉઠે તેવું પ્રવાહી હોવાનુ જાણવા છતા ગે.કા. રીતે ટ્રક માંથી લીકવીફાઈડ પ્રોપેન ગેસનું કટીંગ કરી તેનુ વેંચાણ કરવાના ઈરાદે ગેસનો જથ્થો મેળવી તથા આરોપી ટેન્કર ચાલકે પોતાના કબ્જા ભોગવટાવાળુ ટેન્કર માણસોની જીંદગીના સંભવિત જોખમ સામે પુરતી બચાવની વ્યવસ્થા ન હોવાનુ જાણવા છતા પોતાના શેઠ સાથે તેની જાણબાર ગુન્હાહિત વિશ્વાસઘાત કરી ગે.કા. ગેસનો જથ્થો કાઢવા માટે લઈ જઈ લીકવીફાઈડ પ્રોપેન ગેસ કાઢવાની ગે.કા પ્રક્રિયા કરી રેઈડ દરમ્યાન ટાટા કંપનીનું ટેન્કર તથા ટેન્કરમાં ભરેલ લીકવીફાઈડ પ્રોપેન ગેસ આશરે ચૂં. ૧૫.૩૨૦ મેટ્રિક ટન (ખઝ) ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન આરોપીઓ નાસી જઈ હાજર નહીં મળી આવી ગુન્હામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાતા આ ફરિયાદ ના કામે તાલુકા પોલીસ દ્વારા આરોપી શેતાનકુમાર સુર્જનરામ બાંગડવાની ધરપકડ કરવામાં આવેલ હતી. આરોપીએ મોરબીના યુવા ધારાશાસ્ત્રી જે.ડી.સોલંકી મારફત એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં જામીન અરજી કરેલ હતી. આ જામીન અરજીના કામે ફરીયાદી અને આરોપી બન્ને પક્ષની તમામ દલીલના અંતે નામ. એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટે આરોપી તરફેની દલીલો માન્ય રાખી આરોપી શેતાનકુમાર સુર્જનરામ બાંગડવાને જામીન મુકત કરતો હુકમ કરેલ હતો. આ કામે વકીલ તરીકે જે.ડી.સોલંકી, નિલેશ પી ચાવડા, મયુર ઊભડિયા, દિપક મકવાણા, પિન્ટુ પરમાર, આરતી અમૃતિયા, કિંજલ જીવાણી, રોકાયેલા હતા.

# ભાયાવદરમાં વધુ વરસાદ પડવાથી ખેડૂતોને નુકસાનીઃ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને લખ્યો પત્ર





રાજકોટના ઉપલેટા તાલુકાના ભાયાવદર તથા આસપાસના ગામડાના તમામ વિસ્તારોમાં કુદરતી આફત રૂપી છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલ ભારે પવન સાથે વરસાદ ૧૬.૧૦.૨૦૨૪ થી લઈને ૨૦.૧૦.૨૦૨૪ ભારે વરસાદને પગલે ભાયાવદર .પાનેલી .રબારીકા કોલકી..અરણી. આજુબાજુના ગામમાં બે થી પાંચ ઈંચ વરસાદ પડેલો છે વરસાદ થી મગફળી, કપાસ, સોયાબીન, મરચી,કોબી,ટામેટા,તુવેર, એરંડા,ડુંગળી વગેરે જેવા પાકોનો સોથ (નાશ પામેલ) ગયેલ હોય અને મગફળી, સોયાબીન ના પાથરા ખેતરો માંથી તણાઈ ગયેલ હોય સાથે સાથે ખેડૂતોની મહેનત ઉપર આખા વર્ષનું પાણી ફરી વળેલ હોય તેમજ મોંઘા પશુ ધનનો ચારો પણ પલળી ને ખાખ થઈ ગયેલ છે જાણે કુદરત માણસ ની સાથે મૂંગા પશુઓ સાથે પણ રીસાણો હોય તેવું લાગે છે. હાલ ખેડૂતો ના મોમા આવેલ આખા વર્ષ નો કોળિયો જુટવાઈ ગયેલ છે. તમામ ખર્ચાઓ કરી હાથ માં કંઈ પણ ન મળતા ખેડૂત મુજાઈ ગયેલ હોય ચિંતામાં મુકાઈ ગયો છે અને હવે નવું શિયાળુ વાવેતર કરવાની આર્થિક તાકાત ખેડૂત પાસે રહી નથી તો તાત્કાલિક ખેડૂતોની વહારે આવી કોઈ પણ સર્વે કર્યા વગર તમામ ખેડૂતોને સહાય ચૂકવવા ભાયાવદર સહકારી મંડળી દ્વારા લખેલ પત્ર આપ સાહેબને સરકારને નમ્ર વિનંતી. તાત્કાલિક ખેડૂતના વાહરે આવે તેવી રજૂઆત (રિપોર્ટર વિજય રાડીયા)

# અદાવાદ પડી રહેતી ૬ ટ્રેનો રાજકોટ સુધી લંબાવવામાં તંત્રની ઉદાસીનતા

## તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩ તત્કાલીન રેલવે મંત્રી દર્શના જરદોશે કરેલી જાહેરાતનો ફિયાસ્કો: આંતરરાષ્ટ્રીય ફલાઈટની વાતો હવામાં રહ્યા બાદ વધુ એક સેવા આપવામાં નેતાઓ ટૂંકા પડયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર છે અને ઉદ્યોગક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. વૈશ્વિક ઉદ્યોગ સાથે કદમ મિલાવી ચાલી રહ્યું છે. રાજકોટના વિકાસને ધ્યાનમાં રાખી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક બનાવવામાં આવ્યું છે. પરંતુ આંતરરાષ્ટ્રીય ફલાઈટ આપવામાં જેમ લોલીપોપ આપવામાં આવી રહી છે તેવીજ લોલીપોપ રેલવેની સુવિધામાં પણ આપવામાં આવી છે. અમદાવાદ પડી રહેતી ૬ જેટલી ટ્રેનો રાજકોટ લંબાવવાની પુર્વ રેલવે મંત્રી દ્વારા એક વર્ષ અગાઉ રજુઆત કરવામાં આવી હતી. તેની અમલવારી આજ દીન સુધી નહીં થતા જાહેરાતનો ફિયાસ્કો થઈ ગયો છે.અમદાવાદ ખાતે ટ્રેન નં.૧૯૪૨૧-૨૨ અમદાવાદ-પટના એક્સપ્રેસ, ટ્રેન નં.૨૨૯૬૭-૬૮ અમદાવાદ-પ્રયાગરાજ એક્સપ્રેસ, ટ્રેન નં.૧૯૪૧૩-૧૪ અમદાવાદ-કોલકતા એક્સપ્રેસ, ટ્રેન નં.૧૧૦૪૯-૫૦ અમદાવાદ-કોલ્હાપુર એક્સપ્રેસ, ટ્રેન નં.૨૨૧૩૭-૩૮ નાગપુર-અમદાવાદ એક્સપ્રેસ, ટ્રેન નં.૧૨૯૧૭-૧૮ અમદાવાદ-હજરત નિઝામુદીન સંપર્કક્રાંતી એક્સપ્રેસ પડી રહી છે. આ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવાની જાહેરાત પુર્વ રેલવે મંત્રી દર્શના જરદોશ દ્વારા તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ કરવામાં આવી હતી. પરંતુ આજે એક વર્ષથી વધુનો સમયગાળો વિત્યો છતા પણ આ ટ્રેનો રાજકોટ સુધી લંબાવવામાં આવી નથી. પૂર્વ મંત્રીની જાહેરાતયથી સૌરાષ્ટ્ર વાસીઓમાં આનંદ છવાઈ ગયો હતો. પરંતુ આજ સુધી શરૂ નહીં થતા નારાજ થઈ ગયા છે. રાજકોટ અને સૌરાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો હોવાથી રોજીરોટી માટે અન્ય રાજયમાંથી શ્રમિકો આવતા હોય છે અને ઉદ્યોગપતીઓ પણ અવરજવર કરતા હોય છે ત્યારે અમદાવાદમાં પડી રહેતી ટ્રેનો જો રાજકોટ સુધી લંબાવવામાં આવે તો રજાઓમાં વતન જતા શ્રમિકોને આ ટ્રેનોથી ફાયદો મળી શકે તેમ છે. હાલ દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. લોકો પોતાના વતનમાં જવા માટે ટ્રેનનો વધો ઉપયોગ કરતા હોય છે.


Darshana Jardosh
@DarshanaJardosh
સૌરાષ્ટ્રના લોકોને સુવિધા રહે એ હેતુથી નીચે મુજબની ટ્રેનો ને રાજકોટ સુધી લંબાવવામાં આવી છે.
1. ટ્રેન નં. 19421/22 અમદાવાદ - પટના એક્સપ્રેસ
2. ટ્રેન નં. 22967/68 અમદાવાદ - પ્રયાગરાજ એક્સપ્રેસ
3. ટ્રેન નં. 19413/14 અમદાવાદ - કોલકતા એક્સપ્રેસ
4. ટ્રેન નં. 11049/50 અમદાવાદ - કોલ્હાપુર એક્સપ્રેસ
5. ટ્રેન નં. 22137/38 નાગપુર - અમદાવાદ એક્સપ્રેસ
6. ટ્રેન નં. 12917/18 અમદાવાદ - હઝરત નિઝામુદ્દીન સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ
Translate post
Ministry of Railways and PMO India
19:51 · 12 Sep 23 · 88.8K Views
231 Reposts 18 Quotes 1,068 Likes
9 Bookmarks
Most relevant replies
Post your reply

સૌરાષ્ટ્રમાં મજુરી કરતા શ્રમિકોને અમદાવાદ સુધી ધક્કા ખાવા પડી રહ્યા છે અને તેના માટે સમય અને પૈસાની પણ બરબાદી થઈ રહી છે. છમાંથી મોટા ભાગની ટ્રેનો ધાર્મિક સ્થળોને પણ જોડતી હોય યાત્રાએ જતા મુસાફરો માટે આ ટ્રેન આશિર્વાદ સમાન છે. હાલ યાત્રિકોને અમદાવાદ સુધી અન્ય ટ્રેનમાં જવું પડી રહ્યું છે અને ત્યાંથી ટ્રેન બદલવી પડે છે. અમદાવાદમાં ટ્રેનોને રોકી રેલવે આર્થિક રીતે પણ ખોટ ખાઈ રહ્યું છે.

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ માલવીયા પોલીસે ૭.૪૬ લાખના મોબાઈલ અરજદારોને પરત કર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટમાં ગૂમ થયેલા મોબાઈલ અને ઓનલાઈન ગુમાવેલા પૈસાના કિસ્સાઓમાં પોલીસમાં ઓનલાઈન અરજીઓ થતી હોય છે દરમિયાન માલવિયાનગર પોલીસે ઈઊઈછ પોર્ટલના માધ્યમથી ૪૬ અરજદારોને ૭,૪૫,૮૦૦ રૂપિયાના ફોન અને સાયબર ફ્રોડમાં ઓનલાઈન ગુમાવેલા પૈસા પૈકી વષ અરજદારોને ૫,૮૨,૪૬૬ રૂપિયા પરત અપાવ્યા છે. રાજકોટમાં ચોરી થયેલા કે ખોવાયેલા મોબાઈલ અંગે અરજદારો દ્વારા ઓનલાઈન અરજી કરવામાં આવતી હોય છે તેમજ જુદા જુદા ટાસ્ક આપી લોકો સાથે ઓનલાઈન ફ્રોડ કરવામાં આવતો હોય છે અને લોકો પાસેથી પૈસા પડાવવામાં આવતા હોય છે તેમાં પણ લોકો અરજી કરતા હોય છે દરમિયાન આવા કિસ્સાઓમાં પોલીસ ઈઊઈછ પોર્ટલના માધ્યમથી કામ કરતી હોય છે.

ત્યારે માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે આર દેસાઈ અને ટીમે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત મોબાઈલ ખોવાયાની અરજી કરનાર ૪૬ અરજદારોને ૭.૪૯ લાખના મોબાઈલ શોધી કાઢી પોલીસ સ્ટેશને બોલાવી પરત અપાવ્યા હતા તેમજ ઓનલાઈન ફ્રોડમાં ગુમાવેલા ૫.૮૨ લાખ રૂપિયા પણ ખાતામાં પરત જમા કરાવી આપ્યા હતા.

# દેશના સૌથી મોટા IPO હુન્ડાઈનું ડિસ્કાઉન્ટમાં લિસ્ટીંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોરિયન કાર ઉત્પાદક હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાનો શેર બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર રૂ.૧૯૩૧ પર આજે સૂચિબદ્ધ થયો છે, જે ઈશ્યૂ કિંમત કરતાં ૧.૫% નીચો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર શેર રૂ.૧૯૩૪માં લિસ્ટ થયો હતો, જે ઈશ્યુ પ્રાઈસ કરતા ૧.૩% નીચે હતો. આ પ્રારંભિક જાહેર ઓફરની ઈશ્યૂ કિંમત રૂ.૧૯૬૦ હતી. નાના રોકાણકારોની દહેશત સાચી પડી છે. જેવું વિચાર્યુ હતુ તેવુ જ થયું IPO પ્રાઈઝ બેન્ડથી પણ નીચે લીસ્ટ થયો છે.




આ IPO ૧૫ ઓક્ટોબરથી ૧૭ ઓક્ટોબર સુધી બિડિંગ માટે ખુલ્લો હતો. IPO ત્રણ ટ્રેડિંગ દિવસોમાં કુલ ૨.૩૭ વખત સબસ્ક્રાઈબ થયો હતો. તે રિટેલ કેટેગરીમાં ૦.૫૦ ગણું, ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIB)માં ૬.૯૭ ગણું અને નોન-ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (NII) કેટેગરીમાં ૦.૬૦ ગણું સબસ્ક્રાઈબ થયું હતું.જોકે, આ IPO દરમિયાન ગ્રે માર્કેટ પ્રીમિયમ (GMP)માં પણ ભારે વધઘટ જોવા મળી હતી. શરૂઆતમાં, હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાના શેરનો જીએમપી સપ્ટેમ્બરના અંતે રૂ.૫૭૦ પર પહોંચ્યો હતો, પરંતુ ગયા અઠવાડિયે તે ઝડપથી ઘટીને નકારાત્મક થઈ ગયો હતો. હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાનો આ ઈશ્યૂ કુલ રૂ.૨૭,૮૭૦.૧૬ કરોડનો હતો.. આ માટે, કંપનીના હાલના રોકાણકારોએ ઓફર ફોર સેલ એટલે કે OFS દ્વારા રૂ.૨૭,૮૭૦.૧૬ કરોડના મૂલ્યના ૧૪૨,૧૯૪,૭૦૦ શેર વેચ્યા હતા. હ્યુન્ડાઈએ કોઈ નવા શેર જારી કર્યા નથી. આ દેશનો સૌથી મોટો IPO છે. અગાઉ, સૌથી મોટા IPO નો રેકોર્ડ કઈઈના નામે હતો, જે રૂ.૨૦,૫૫૭ કરોડનો ઈશ્યુ લઈને આવ્યો હતો. હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિમિટેડે આ ઈસ્યુની પ્રાઈસ બેન્ડ રૂ.૧૮૬૫-રૂ.૧૯૬૦ નક્કી કરી હતી.

છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે ૭ શેર માટે બિડ કરી શકે છે. જો તમે રૂ.૧૯૬૦ના ઈંડ્ઘના ઉપલા પ્રાઈસ બેન્ડ મુજબ ૧ લોટ માટે અરજી કરી હોત, તો તમારે રૂ.૧૩,૭૨૦નું રોકાણ કરવું પડત. તે જ સમયે, છૂટક રોકાણકારો વધુમાં વધુ ૧૩ લોટ એટલે કે ૯૮ શેર માટે અરજી કરી શકે છે. આ માટે રોકાણકારોએ અપર -ાઈસ બેન્ડ મુજબ રૂ.૧૯૨,૦૮૦નું રોકાણ કરવું પડશે.

# રોગચાળાના કેસમાં સામાન્ય ઘટાડો દેખાયો છતાં ડેંગ્યુના નવા ૨૦ કેસ

## મેલેરીયાના નવા બે દર્દી નોંધાયા : સિઝનલ રોગચાળાના પણ ૧૮૫૫ કેસ : મચ્છર ઉત્પત્તિ બદલ ૯૫૭ મિલ્કતધારકોને નોટીસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાળી આડે હવે ૧૦ દિવસ રહ્યા છે ત્યારે ચોમાસાના દિવસો પૂરા થતા નથી. શરદ પુનમ બાદ પણ ચોમાસા જેવો વરસાદ ચાલુ છે ત્યારે છેલ્લા અઠવાડિયામાં મહાપાલિકાના સરકારી ચોપડે રોગચાળાના કેસમાં સામાન્ય ઘટાડો દેખાયો છે. છતાં ડેંગ્યુના નવા ૨૦ કેસ આવતા ચાલુ વર્ષમાં આ ખતરનાક તાવના દર્દીઓની સંખ્યા ત્રેવડી સદી નજીક પહોંચી ગઈ છે. તો સીઝનલ રોગચાળાના પણ ૧૮૫૫ નવા કેસ નોંધાયા છે.




આરોગ્ય વિભાગે જાહેર કરેલા સાપ્તાહિક રીપોર્ટ મુજબ તા. ૧૪-૧૦થી ૨૦-૧૦ સુધીમાં ડેંગ્યુના ૨૦, મેલેરીયાના બે કેસ બહાર આવ્યા છે. તો શરદી-ઉધરસના પણ ૯૮૪, સામાન્ય તાવના ૬૮૪ અને ઝાડા-ઉલ્ટીના ૧૮૭ દર્દી ચોપડે ચડયા છે. ત્રણ-ત્રણ ઋતુના અનુભવ વચ્ચે દિવાળીના દિવસોમાં આરોગ્યલક્ષી તમામ તકેદારી રાખવા આરોગ્ય તંત્રએ શહેરીજનોને અનુરોધ કર્યો છે.

ડેંગ્યુ એડીસ મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે મહાનગરપાલિકા દ્વારા અઠવાડિયામાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર તથા વી.બી.ડી. વોલેન્ટીયર્સ સહિત ની ૩૬૦ ટીમો દ્વારા ૧,૧૨,૩૯૪ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૧૦૧૬૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પ્લેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો પર ચેકીંગ કરી મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવે છે. તે હેઠળ રહેણાક સિવાય અન્ય ૪૪૯ મિલ્કતમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૭૮૫ અને કોર્મશીયલ ૧૭૨ આસામીને નોટીસ આપી રૂા.૨૭,૯૦૦નો વહિવટી ચાર્જ વસુલવામાં આવ્યાનું મેલેરીયા વિભાગે જણાવ્યું હતું. ઘરની અંદર કે બહાર મચ્છરો એકત્ર ન થાય તે પ્રકારની સ્વચ્છતા રાખવા આરોગ્ય વિભાગે અનુરોધ કર્યો છે.

### રોગચાળાના આંકડા પર નજર

| રોગ | સાપ્તાહિક કેસ | ચાલુ વર્ષના કેસ |
|---|---|---|
| મેલેરીયા | ૨ | ૩૨ |
| ડેંગ્યુ | ૨૦ | ૨૯૨ |
| ચીકનગુનીયા | - | ૩૦ |
| શરદી-ઉધરસ | ૯૮૪ | ૪૧૦૭૨ |
| સામાન્ય તાવ | ૬૮૪ | ૧૬૩૬૦ |
| ઝાડા-ઉલ્ટી | ૧૮૭ | ૧૦૬૭૧ |

# પ્રેમીએ તરછોડી દેતા સગીરા આત્મહત્યા કરવા નીકળી: ૧૮૧ની ટીમે ઉગારી

## રીક્ષા ચાલકે સૂઝબૂઝથી મુસાફર સગીરાની મદદ માટે ૧૮૧માં કોલ કરતા જીવ બચી ગયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યભરમાં મહિલાઓ માટે કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ ખરા અર્થમાં સાર્થક બની છે. ત્યારે રાજકોટમાં પ્રેમીએ ઠુકરાવતા આત્મહત્યા કરવા નીકળેલી સગીરનો ટીમ અભયમે જીવ બચાવી આત્મહત્યાના વિચારોથી વિમુક્ત કરી હતી. ઘરેથી નીકળી ગયેલી પુત્રીને સુરક્ષિત ઘેર પહોંચાડી પુનઃમિલન કરાવનાર ટીમ અભયમની કામગીરીને પરિવારજનોએ બિરદાવી હતી. જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં રહેતા એક જાગૃતિ રીક્ષા ચાલકે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી તેની રિક્ષામાં બેઠેલી મુસાફર સગીરા આત્મહત્યા કરવા જઈ રહી હોવાની જાણ કરી મદદની માંગ કરી હતી જાણ થતા જ આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનના કાઉન્સેલર રૂચિતા મકવાણા, કોન્સ્ટેબલ વિલાસબેન અને પાયલોટ ભાનુબેન તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા.



જ્યાં ૧૮૧ મહિલા હેલ્પલાઈનના કાઉન્સેલર રૂચિતા મકવાણાએ સગીરાને આશ્વાસન આપી કાઉન્સેલિંગ કર્યુ હતું. કાઉન્સેલિંગ દરમિયાન સગીરાનો પરિવાર મૂળ બિહારનો વતની છે અને એકાદ વર્ષથી અહીંયા પરિવાર સાથે પેટીયુ રળવા આવ્યો છે. સગીરાને રાજકોટમાં જ રહેતા તેના ગામના યુવક સાથે છેલ્લા ત્રણેક મહિનાથી પ્રેમ સંબંધ છે અને હવે પ્રેમી યુવક સગીરાના પ્રેમને ઠુકરાવી સંબંધ રાખવાની ના પાડી ઝઘડાઓ કરતો હોવાથી સગીરાને લાગી આવ્યું હતું. જેથી આવેશમાં આવેલી સગીરા પરિવારને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી અને આપઘાત કરવા જઈ રહી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ટીમ અભયમના કાઉન્સેલરે કાઉન્સેલિંગ મારફતે સગીરાને આત્મહત્યાના વિચારમાંથી વિમુક્ત કરી હતી અને સગીરાને તેના ઘરે લઈ જવામાં આવી હતી જ્યાં પરિવારજનોને સગીરાનું ધ્યાન રાખવા સમજણ આપી હતી અને સગીરાના પ્રેમીને બોલાવી સમજણ આપવામાં આવી હતી. ટીમ અભયમની સમજણથી સગીરા અને તેના પ્રેમીએ પ્રેમથી સંબંધ ટૂંકાવી લેવાની સહમતિ દર્શાવી હતી અને સગીરાએ પણ હવે આત્મહત્યાના વિચાર નહીં કરે તેવી ખાતરી આપી હતી. ઘરેથી નીકળી ગયેલી સગીરાને હેમખેમ ઘેર પહોંચાડનાર ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમનો પરિવારજનોએ આભાર વ્યક્ત કર્યો હતો. આત્મહત્યા કરવા જતી સગીરનો સૂઝબૂઝથી જીવ બચાવવા ૧૮૧માં મદદ માંગનાર રીક્ષા ચાલકને પણ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે બિરદાવ્યો હતો.

# રાજયના ૭૪ લાખ રાશનકાર્ડ ધારકોની દિવાળી બગડવાના એંધાણ

## રાજકોટમાં ૨ લાખ ગરીબોને આપવાના થતો દાળનો જથ્થો ૧૭૫ દુકાનોએ ૫૦ ટકા જ પહોંચ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિવાળી પૂર્વે ગરીબો માટે એટલે કે રાશનકાર્ડ ધારકોને આપવામાં આવતો દાળનો જથ્થો હજુ સુધી તમામ સસ્તા અનાજની દુકાનોએ પહોંચ્યો નથી જેને કારણે લોકો સસ્તા અનાજની દુકાનોએ દુકાન ધારકો પર પોતાનો રોસ ઠાલવી રહ્યા છે તો દુકાનદારો પુરવઠા વિભાગ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. રાજકોટમાં ૨ લાખ સહિત રાજ્યમાં ૭૪ લાખ રાશન કાર્ડ ધારક દીઠ આપવાનો થતો ૧ કિલો દાળનો જથ્થો સસ્તા અનાજની દુકાનો એ જ પહોંચ્યો નથી. જેને લીધે ગરીબોની દિવાળી બગડે તેવું લાગી રહ્યું છે. જોકે આ માટેનું કારણ એ ચર્ચાઈ રહ્યું છે કે દાળનું સેમ્પલ લેબોરેટરીમાં ફેઈલ ગયું છે તો ડોર સ્ટેપ ડિલિવરીનો કોન્ટ્રાક્ટ જેમને આપવામાં આવેલો છે તેમના દ્વારા પણ અમુક જગ્યાએ મોડું કરવામાં આવી રહ્યું છે.



ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસીએશનના અને રાજકોટના મહામંત્રી હિતુભા જાડેજાએ જણાવ્યું હતુ કે, રાજકોટમાં ૨ લાખ સહિત ગુજરાત રાજ્યમાં ૭૪ લાખ જેટલા રાશનકાર્ડ ધારકો છે જેઓને દિવાળીના તહેવારને લઈને એટલે કે ૩૧ ઓક્ટોબર સુધીમાં દાળ અને ખાંડનો ૧ - ૧ કિલોનો જથ્થો આપવામાં આવનાર છે પરંતુ રાજકોટ સહિત રાજ્યભરમાં દાળના જથ્થાની અછત છે રાજકોટ શહેરમાં ૫૦% જેટલો જથ્થો આવ્યો છે પરંતુ અનેક તાલુકા અને જિલ્લામાં દાળનો જથ્થો જ આવ્યો નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દાળ અને ખાંડના જથ્થાની ગુણવતા યોગ્ય છે કે કેમ તે માટે ૠૡ્ક લેબમાં તેનું પૃથ્થકરણ કરવામાં આવે છે અને ત્યારબાદ સસ્તા અનાજના દુકાનદારોને પુરવઠો પૂરો પાડવામાં આવે છે રાજકોટમાં ૧૭૫ જેટલી સસ્તા અનાજની દુકાનો છે પરંતુ અહીં ૫૦% જેટલો જ દાળનો જથ્થો આવ્યો છે જેને લીધે ખૂબ જ મુશ્કેલી પડી રહી છે રાજકોટ જિલ્લાના જ અમુક તાલુકાઓમાં દાળનો જથ્થો જ આવ્યો નથી. જોકે તેમને આ જથ્થો મોડો આવવાનો કોઈ ચોક્કસ કારણ આપ્યું ન હતું.પુરવઠા વિભાગના સુત્રોમાંથી એવું જાણવા મળી રહ્યું છે કે, દાળનુ સેમ્પલ ફેઈલ ગયું હોય તેવું પણ લાગી રહ્યું છે. આ સાથે જ તંત્રએ વેપારીઓની દુકાને માલ પહોંચાડવાનો જે કોન્ટ્રાકટરને ડોર સ્ટેપ ડિલીવરીનો કોન્ટ્રાક્ટ આપેલ છે. તેની પાસે પુરતા વાહનો અને સ્ટાફ નથી. આથી હજુ પણ રાજકોટના અનેક વેપારીઓ જથ્થાથી વંચિત છે. અત્રે ઉલ્લેખનીય છે કે વારંવાર પુરવઠાનું સર્વર ઠપ્પ થઈ જાય છે અને વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય છે.

# હેલ્મેટ બાબતે બીજા દિવસે પણ સરકારી કચેરીઓ બહાર પોલીસનું સઘન ચેકિંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ અને સીટ બેલ્ટનો ફરજિયાત અમલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગઈકાલે વિવિધ સરકારી કચેરીઓ બહાર પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. ત્યારે આજે સતત બીજા દિવસે શહેરની કોર્પોરેશન અને બહુમાળી સહિતની સરકારી કચેરીઓ બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખાસ હેલ્મેટનાં નિયમનો ભંગ કરવા બદલ અનેક સરકારી કર્મચારીઓ દંડાયા હતા.





પ્રાપ્ત વિગત મુજબ, શહેરની કોર્પોરેશન અને બહુમાળી કચેરી તેમજ કલેકટર ઓફિસ સહિતના સ્થળે સવારથી ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક બ્રિગેડની ટીમો તેમજ RTO દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હેલ્મેટ પહેર્યા વિના જ આવેલા અનેક સરકારી કર્મચારીઓને સ્થળ પર રૂ. ૫૦૦ દંડ ફટકારવામાં આવ્યો હતો. પોલીસની આ કામગીરી દરમિયાન કેટલાક કર્મચારીઓ પોતાના વાહન બહાર જ પાર્ક કરવા લાગ્યા હતા. જ્યારે દરરોજની જેમ કચેરીમાં પ્રવેશ કરનારાઓએ દંડ ભરવો પડતાં કચવાટ જોવા મળ્યો હતો.

મનપા કચેરી ખાતે તૈનાત આરટીઓ ઈન્સપેક્ટર એચ. એ. પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારનાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત કોઈપણ સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અને દ્વિચક્રી વાહનોનો ઉપયોગ કરતા કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. જેને લઈને આજે સતત બીજા દિવસે વિવિધ સરકારી કચેરીઓ બહાર પોલીસ અને આરટીઓની જુદી-જુદી ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે અને હેલ્મેટ પહેર્યા વિના આવનારા તમામ કર્મચારીઓ પાસેથી દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ પોલીસ કમિશનર કચેરીએ તેમજ પોલીસ હેડ ક્વાર્ટરમાં ઘણા સમયથી પોલીસનાં કર્મચારીઓ સહિત મુલાકાતીઓ માટે પણ ફરજિયાત હેલ્મેટનાં કાયદાનો અમલ કરવામાં આવી રહ્યો છે.

# રાજકોટમાં કોલેરાનો રોગચાળો ફેલાતો અટકાવવા પ્રતિબંધાત્મક આદેશો મૂકાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોલેરાનો રોગચાળો દુષિત પાણી પીવાથી અને તેના વપરાશથી બનતા અને બજારમાં ખુલ્લામાં વેચાતા ખાદ્યપદાર્થ જેવા કે શેરડીનો રસ, દુષિત પાણીથી બનતો બરફ, કુલ્ફી, ઠંડા પીણા, છાશ, દુધની બનાવટો વગેરેના ઉપયોગથી ફેલાય છે. આથી લોકોનું સ્વાસ્થ્ય ન જોખમાય, તે હેતુથી ખાણીપીણીની દુકાનો, લારી-ગલ્લા, સ્ટોલ, શેરડીના રસના ચીચોડા, ફળોના ટુકડા કરી તેનું વેચાણ કરવું તેમજ બરફ અને બરફમાંથી બનતી ખાદ્યચીજોના વેચાણથી રોગચાળો ફેલાતો અટકાવવા માટે રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે દ્વારા હાથીખાના અને રામનાથપરા આસપાસના ૨ કિલોમીટરના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરી પ્રતિબંધાત્મક આદેશો કરતુ જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.




જે મુજબ રાજકોટ શહેરના કોલેરાગ્રસ્ત / કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર હાથીખાના શેરી નંબર ૩, રામનાથપરા વિસ્તાર તથા આજુબાજુના ૨ કિલોમીટરના વિસ્તારમાં કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીની નિમણુક કરાઈ છે. ઉપરાંત, નીચે મુજબ પ્રતિબંધાત્મક સૂચનો અપાયા છે. જેનો તા.૭ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. કોલેરાગ્રસ્ત વિસ્તારના તમામ ખાનગી દવાખાના, લેબોરેટરીમાં નોંધાતા કોલેરાના કેસની માહિતી દરરોજ રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીને આપવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# લાખાજીરાજ રોડ ઉપરથી પાથરણા હટાવાતા બઘડાટી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના લાખાજી રોજ પર ગઈકાલે પાથરણાવાળા ધંધાર્થીઓને હટાવવા ગયેલા મનપાના સ્ટાફ અને ધંધાર્થીઓ વચ્ચે ચકમક-બઘડાટીના દ્રશ્યો સર્જાયા હતા. દિવાળીના તહેવારો ટાણેજ ધંધા-રોજગાર છીનવાઈ ગયાનો ધંધાર્થીઓમાં રોષ જોવા મળ્યો હતો. ગેરકાયદેસર દબાણ હટાવી રોડ-રસ્તા ખુલ્લા કરવામાં આવે તેવી કાર્યવાહી સૌમા આવકાર્ય છે પણ વૈકલ્પિક વ્યવસ્થાની ખાતરી આપ્યા પછી પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા પાથરણાવાળાઓમાં રોષ વ્યાપ્યો છે. ગઈકાલે તંત્રની દબાણ હટાવ કાર્યવાહી દરમિયાન ગરીબ ધંધાર્થીઓએ કાકલુદી કરી દિવાળી સુધી ધંધો કરવા દેવાની માંગણી કરી હતી.

બીજી બાજુ ગઈકાલે લાખાજી રોડ પર પાથરણાવાળા ધંધાર્થીઓને તંત્રએ પ્રયાસ કર્યો ત્યારે એક ગરીબ મહીલા બેભાન બની ગઈ હતી. અનેક પાથરણાવાળા ધંધાર્થીઓએ છીનવાતી રોજીરોટી બચાવવા તંત્રને રીતસરની કાકલુદી કરી હતી પણ તંત્રએ કાયદાનો ધોકો પછાડવાનું ચાલુ જ રાખતા ધંધાર્થીઓમાં રોષ ફેલાયો હતો.અત્યાર સુધી બધુ મુંગા મોએ સહન કરનાર અમુક જાગૃત પાથરણાવાળા ધંધાર્થીઓ હવે મેદાનમાં આવ્યા છે અને લાખાજી રોડ પરના વેપારીઓ સો આંગળી ચીંધી આક્ષેપો કર્યા છે કે સાહેબ, મફતમાં નથી બેસતા, જે વેપારીની દુકાનો સામે બેસીએ છીએ તે વેપારીઓને મહીને હપ્તારૂપી નાની મોટી રકમ અપાય છે અને તોજ બેસવા દયે છે!! ત્યારે ગરીબ ધંધાર્થીઓનો આવો પૈસા ચુકવવાનો આક્ષેપ સાચો હોય તો લાખાજીરાજ રોડ પરની વેપારી આલમ માટે આ શરમજનક વાત ગણવી અનુચિત નથી.રહી વાત મનપા તંત્રની તો આ બાબતે પાથરણાવાળા ધંધાર્થીઓએ કહ્યું કે લાખાજીરોડ પરથી જયારે તેઓને હટાવવાની કાર્યવાહી શરૂ કરાઈ ત્યારે મનપાએ વૈકલ્પિક વ્યવસ્થા રૂપે આ રોડ પર આવલી શાળામાં બેસવાની વ્યવસ્થા કરી આપવા તંત્રએ ખાતરી આપી હતી. પણ આ બાબતે તંત્રએ કોઈ નિર્ણય ન લેતા ગુજરાન ચલાવવા ના છુટકે રોડ પર જ બેસવું પડે તેવી સ્થિતિ છે. એક પાથરણાવાળા બહેને કહ્યું કે વરસાદથી અમારો ધંધો બંધ રહે કે રોજીરોટી છીનવાય તેને કુદરતી આફત ગણીએ છીએ પણ માનવ સર્જીત મનપાની આફતમાં બચાવીને અમોને સુખેથી ધંધો કરવા દઈને સુખેથી જીવવા દેવાય તે જરૂરી છે. ધંધાર્થીઓએ તંત્ર સો વિરોધ કરી ન્યાયની માંગણી કરી હતી.

# ભાવનગર રોડ પર આઈટીઆઈ પાસે સોની વેપારી પર અજાણ્યા શખ્સોનો ખૂની હુમલો

## સિગારેટ પીવા નીકળેલા પ્રૌઢ ઉપર જીવલેણ હુમલો કરી ITI પાસે ફેંક દીધાઃ રાતભર કણસી રહેલા વેપારીને સવારે સારવારમાં ખસેડાયા


**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં કાયદો અને વ્યવસ્થા કથળીને બેહાલ થઈ હોય અને ખાખીનો ખોપ ઓસર્યો હોય તેમ ક્રાઈમનો ગ્રાફ દિવસે દિવસે ઉછળી રહ્યો છે. જેમાં વધુ એક ઘટનામાં મૂળ ધ્રોલના વતની અને હાલ રાજકોટમાં રહેતા સોની વેપારી રાત્રીના સમયે ઓટોરિક્ષામાં સિગારેટ પીવા નીકળ્યા બાદ આઈટીઆઈ હોસ્ટેલ પાસેથી છરીના ઘા ઝીંકેલી લોહી લુહાણ હાલતમાં મળી આવ્યા હતા. રાતભર કણસી રહેલા વેપારીને સવારે સારવારમાં ખસેડાયા હતા. વેપારી ઉપર હુમલો કરી લોહી લુહાણ હાલતમાં ફેંકી દીધા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં પ્રહલાદ પ્લોટ ૧૦માં રહેતા સોની વેપારી ભુપેનભાઈ મણિલાલ આડેસરા નામના ૪૫ વર્ષના પ્રૌઢ ભારતનગર રોડ ઉપર આવેલી આઈટીઆઈ પાસેથી લોહી લુહાણ હાલતમાં મળી આવતા તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા આ ઘટના અંગે હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. અને થોરાળા પોલીસે પ્રૌઢનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી. પ્રાથમિક પૂછપરછમાં ભુપેનભાઈ આડેસરા મૂળ



ધ્રોલના વતની છે અને હાલ રાજકોટમાં પ્રહલાદ પ્લોટમાં એકલા રહી સોની બજારમાં દુકાન ધરાવી વેપાર કરે છે અને રાત્રીના સમયે ઓટો રીક્ષામાં સિગારેટ પીવા માટે નીકળ્યા હતા ત્યારે અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કરી પેટના ભાગે ચાર, બને હાથના કાંડા પર અને ગળાના ભાગે મળી કુલ સાત જેટલા ઘા ઝીંકી દીધા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ભુપેનભાઈ આડેસરાને લોહી લુહાણ હાલતમાં ભારતનગર મેઈન રોડ ઉપર આઈટીઆઈ હોસ્ટેલ પાસે ફેંકી દીધા હતા રાતભર કણસી રહેલા પ્રૌઢને સવારે કોઈ વ્યક્તિ લોહી લુહાણ હાલતમાં પડેલા જોઈ જતા ૧૦૮ ને જાણ કરી સારવારમાં ખસેડ્યા હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે ધ્રોલ ખાતે રહેતા ભુપેનભાઈ આડેસરાના પરિવારને જાણ કરતા પરિવારજનો પણ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા સોની વેપારી ઉપર હુમલો કરવાનું કારણ જાણવા અને હુમલાખોરોને ઝડપી લરવા થોરાળા પોલીસ મથકના એએસઆઈ ભાવેશભાઈ સહિતના સ્ટાફે તપાસનો દોર લંબાવ્યો છે.

# ઉના ગીર ગઢડા પંથકમાં અતિ ભારે વરસાદને કારણે ખેડૂતને નુકસાન થતાં હરિભાઈ બોઘાભાઈ એ કરી રજૂઆત




**અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના**

ઉના ગીર ગઢડા પંથકમાં છેલ્લા ચાર દિવસ કરતા પણ વધુ દિવસોથી અતિ ભારે વરસાદ પડ્યો છે જેને કારણે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક પ્રમાણે નુકસાન થયું છે જેને લઈને જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ હરિભાઈ બોઘાભાઈ સોલંકી એ મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે જેમાં જણાવ્યા મુજબ ખેડૂતોને જે નુકસાન થયું છે તેનું સર્વે કરી સહાય માટેનું રાહત પેકેજ આપવા મુખ્યમંત્રીને રજૂઆત કરી છે જ્યારે અતિ ભારે વરસાદ પડતા ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળ્યું જેને કારણે માંડવી જેવા અનેક પાકોમાં ખેડૂતોને વ્યાપક પ્રમાણે નુકસાન થવા પામેલ છે આ વરસાદને કારણે ખેડૂત પાઈમાલ થયો છે જેને લઈને આજે હરિભાઈ બોઘાભાઈ સોલંકીએ પત્ર પાઠવી અને રજૂઆત કરી છે

# પંચશીલ સોસાયટીમાં રિસામણે બેઠેલી પરિણીતાનો ઝેર પી આપઘાત

## પુત્રીને જન્મ આપતા સાસરિયા છેલ્લા ૯ વર્ષથી તેડવા નહીં આવતા પગલુ ભર્યાનો માવતર પક્ષનો આક્ષેપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલના દેરડી કુંભાજી ગામે સાસરીયુ ધરાવતી અને હાલ મવડી વિસ્તારમાં આવેલ પંચશીલ સોસાયટીમાં માવતરે છેલ્લા નવ વર્ષથી રિસામણે બેઠેલી પરિણીતાએ મારે માવતરના ઘરે કેટલા દિવસ રહેવું, મારે મરી જવું છે તેવા રટણ સાથે ઝેરી પાવડર પી જીવન ટૂંકાવી લીધું હતું. પુત્રીને જન્મ આપ્યા બાદ સાસરીયા તેડવા નહીં આવતા પરિણીતાએ આત્મઘાતી પગલું ભર્યું હોવાનો માવતર પક્ષે આક્ષેપ કરવામાં આવ્યો છે. પરિણીતાના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામની રહેતી અસ્મિતાબેન જયેશભાઈ ચાવડા નામની ૩૪ વર્ષની પરિણીતા રાજકોટમાં મવડી ગામ વિસ્તારમાં આવેલી પંચશીલ સોસાયટીમાં પોતાના પિતા વાલજીભાઈ પુનાભાઈ ખીમસુરીયાના ઘરે હતી ત્યારે ઝેરી પાવડર પી લીધો હતો. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

જ્યાં તેણીની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં અસ્મિતાબેન ચાવડાના ૧૦ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા અને લગ્ન બાદ પ્રસુતિ કરવા માટે માવતરે આવી હતી અને તેણીને સંતાનમાં પુત્રી જન્મી હતી. પુત્રી હાલ ૯ વર્ષની થઈ હોવા છતાં



પતિ સહિતના સાસરીયા તેડવા આવતા ન હતા જેના કારણે અસ્મિતાબેન ચાવડા પમારે માવતરના ઘરે કેટલા દિવસ રહેવું મારે મરી જવું છે તેવું રટણ કરતી હતી અને અંતે આજે આત્મઘાતી પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. અને અગાઉ પણ ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રેલનગરના યુવાન સાથે દવાખાનાના કામ માટે મદદ માંગી શખ્સે કરી રૂા.૨૩ હજારની છેતરપિંડી

રેલનગર મેઈન રોડ પર આવેલા રામેશ્વર પાર્કમાં રહેતા અને ઈલેકટ્રીકકામ કરતા પિયુષભાઈ ગીરીશભાઈ ટાંકે યુનિ.પોલીસમાં તેઓની સાથે રૂ.૨૩ હજારની છેતરપીંડી થઈ હોવાની ફરીયાદ નોંધાવી છે. જેમાં તેઓ ગત.તા ૧૦/૧૨ રૈયાધારમાં ઈલેકટ્રીક કામ કરવા ગયા ત્યારે તેઓના ફોનમાં અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો અને કહ્યું કે હું શીવેન્દ્ર બોલુ છું તમે મને ઓળખો છો જેથી તેઓએ કહ્યું કે હા હું તમને ઓળખું છું તમે રેલ્વેમાં નોકરી કરો છો અને મારી બાજુની શેરીમાં રહો છો તેમ વાત કરેલ હતી. જેથી સામેવાળાએ તેઓને કહ્યું કે એક કામ કરી દેશો તેનો મિત્ર દવાખાનાની લાઈનમાં ઉભો છે તેને પૈસાની જરૂરીયાત છે અને તે બહાર છે જેથી ત્યાં પહોંચી શકે તેમ નથી જેથી તેઓએ સામાવાળાને તેના ખાતામાં રૂ. ૧૦ હજાર નાખવાની વાત કરતા તેને એક નંબર આપુ છું તેમાં નાખી દયો તમને ૧૦ મીનીટમાં પરત આપી દઈશ બાદમાં શખસે ફોન કરી પૈસા આપવા બેંક વિગત માંગેલ જેથી તેઓએ ના પાડી અને ઓનલાઈન ટ્રાન્ફર કરી દેવા કહ્યું હતું જેથી સામાવાળાએ બે લીંગ મોકલી રૂ.૨૩ હજાર કપાય જતા તેઓની સાથે ફ્રોડ થયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કુવાડવા પાસે અજાણ્યા વાહનની ઠોકરે ચડી જતા બાઈક ચાલકનું મોત

## ખેરડી ગામે વાડીએ ભાગ્યુ રાખેલ હોય ત્યા જતા યુવાનને કાળ આંબી ગયો

મોટા ખુટાજા ગામે રહેતા રાયસિંહ નાનાભાઈ માવીએ કુવાડવા રોડ પોલીસમાં તેના પુત્રને ઠોકરે લઈ અજાણ્યા વાહન ચાલકે મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવી છે. જેમાં ગત.તા.૨૦ના તેનો પુત્ર હિતેષ ખેરડી ગામ વાડીએ ભાગ્યું રાખેલ તેને મળવા માટે જવાનું કહી ઘરેથી નીકળયો હતો. અને સાંજે આઠેક વાગ્યા સુધી પુત્ર પરત ન ફરતા તેઓએ પુત્રને ફોન કરેલ ત્યારે કોઈ અજાણ્યા માણસે ફોન ઉપાડેલ અને તેને વાત કરી કે આ ભાઈનું કુવાડવાથી વાંકાનેર જતા રોડ પર અકસ્માત થયેલ છે. જેથી તમે કુવાડવા હોસ્પિટલ ખાતે આવવાનું કહેતા તેઓ હોસ્પિટલ ગયા હતા. દરમ્યાન તેનો પુત્ર મૃત્યુ પામ્યો હતો.તેઓનો પુત્ર કુવાડવા ગામમાંથી વાંકાનેર જતા રોડ પર આવેલા પંપથી થોડેક દુર કુવાડવા ગામ તરફ બાઈક લઈ જતો હતો. તે વેળાએ અજાણ્યા વાહન ચાલકે ઠોકરે લેતા તેઓના પુત્રનું મોત નિપજયું હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# કાંતા વિકાસ ગૃહ પાસે બાઈક ચાલક વકીલ પર રીક્ષા ચાલકનો હુમલો

## સિગ્નલ બંધ હોવા છતાં રીક્ષા ચાલક ઘસી આવ્યો ને બાઈક સવાર વકીલને ઠોકરે ચડાવ્યોઃ ઠપકો આપતા હુમલો કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**



ઢેબર રોડ ઉપર કાંતા વિકાસ ગૃહ પાસે સિગ્નલ બંધ હોવા છતાં ધસી આવેલા રીક્ષા ચાલકે બાઈક ચાલક વકીલને હડફેટે લીધા હતા. વકીલે ઠપકો આપતા રીક્ષા ચાલકે હુમલો કરી માર માર્યો હતો. યુવાનને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા મેઈન રોડ ઉપર આવેલ કિરણ સોસાયટીમાં રહેતા અને વકીલાત ક્ષેત્રે પ્રેક્ટિસ કરતા કુલદીપસિંહ નટવરસિંહ વાઘેલા નામનો ૩૩ વર્ષનો યુવાન સવારના સાડા આઠેક વાગ્યાના અરસામાં ઢેબર રોડ ઉપર કાંતા વિકાસ ગૃહ ચોક પાસેથી પોતાનું બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. ત્યારે અજાણ્યા રીક્ષા ચાલકે કુલદીપસિંહ વાઘેલાના બાઈકને ઠોકરે ચડાવ્યું હતું. અકસ્માત બાદ- રિક્ષા ચાલકે કુલદીપસિંહ વાઘેલા ઉપર લોખંડના કોઈ હથિયાર વડે હુમલો કરી માર માર્યો હતો. એડવોકેટ કુલદીપસિંહ વાઘેલાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ગંભીર રીતે ઘવાયેલા કુલદિપસિંહને વાઘેલાને નવ જેટલા ટાકા આવ્યા હતા.

પ્રાથમિક પૂછપરછમાં કુલદીપસિંહ વાઘેલા કાંતા વિકાસ ગૃહ ચોક પાસેથી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે સામેની સાઈડનું સિગ્નલ બંધ હોવા છતાં રિક્ષાચાલકે પૂરપાટ ઝડપે ધસી આવી કુલદીપસિંહ વાઘેલાના બાઈકને ઉલાળીયું હતું. તેથી કુલદીપસિંહ વાઘેલાએ જોઈને ચલાવવાનું કહેતા ઉશ્કેરાયેલા અજાણ્યા રિક્ષા ચાલકે હમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સોખડા ગામે વ્યાજખોરોએ કારખાનું પચાવી લેતા વેપારીનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

શહેરની ભાગોળે સોખડા ગામે રહેતા રમેશભાઈ ભીમજીભાઈ ડાભી નામના વેપારીએ કુવાડવા પોલીસમાં વિજય વશરામ રાઠોડ તથા સંજય રમેશ રાઠોડ તથા મહેશ કેશુ ગોરીયા તથા રમેશ વશરામ રાઠોડ તથા પ્રતિપાલસિંહ ગીરીરાજસિંહ જાડેજા અને છત્રપાલસિંહ જાડેજા સહિત છ વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવી છે કે અગાઉ તેઓએ ઉપરોક્ત સક્ષો પાસેથી રૂપિયા એક કરોડ ૪૦ લાખ બે ટકાના વ્યાજે લીધા હતા ત્યારબાદ રકમ ચૂકવી દેવા છતાં આ શખ્સોએ રૂપિયા ૧.૨૦ કરોડ વધુ પડાવવા માટે ધમકી આપી સોખડા ગામે ગેસના પ્લાન્ટ પાછળ આવેલ શ્રી હરી ઈન્ડસ્ટ્રીઝ માં આવેલ કારખાનું લખાવી લઈ આ બાબતને સાંસ આપતા હોય જેથી કંટાળી જાય વેપારીએ ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા બનાવના પગલે કુવાડવા પોલીસે ૬ વ્યાજખોરો સામે ગુનો નોંધી પીએસઆઈ એમ જે વરુએ વધુ તપાસ હાથ ધરી છે

# માધાપર ચોકડી પાસે એપાર્ટમેન્ટમાં શખ્સે સગીરા પર નિર્લજ હુમલો કરી અડપલા કર્યા

શહેરની ભાગોળે માધાપર ચોકડી પાસે આવેલા એપાર્ટમેન્ટમાં શકશે સગીરા સાથે શારીરિક અડપલા કરતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે. આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ માધાપર ચોકડી પાસે રહેતી મહિલાએ ગાંધીગ્રામ પોલીસમાં મૂળ સુરેન્દ્રનગર જિલ્લાનો વતની અને હાલ પીપળીધામ રહેતો મહાવીર સિંહ ઉર્ફે કક્કો ભૂપેન્દ્રસિંહ વાઘેલા નામના શખ્સનો નામ આપ્યું છે મહિલાએ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેની દીકરી ઘરે એકલી હતી ત્યારે આશક ઘરમાં ઘૂસી જઈ તેના થેલામાંથી છરી બતાવી શારીરિક અડપલા કરી નાસી જતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પીએસઆઈ એએસ મકરાણીએ ગુનો નોંધી આ શક્ષની શોધખોળ શરૂ કરી છે.

# અવધ રેસીડેન્સીની મહિલા પર બે પાડોશીનો નિર્લજ્જ હુમલો

## પાડોશમાં રહેતો શખસ અવારનવાર ખરાબ નજરથી જોતો હોવાથી પરિણીતાએ નજર બગાડી જોવાની ના પાડતા બીજા શખસે હાથ પકડી જોઈ લેવાની ધમકી આપી

શહેરના એક વિસ્તારમાં રહેતી પરીણીતાએ યુનિ. પોલીસમાં અવધ રેસીડિન્સીમાં રહેતા ભાણજીભાઈ અને એભલનું નામ આપી ફરીયાદ નોંધાવી છે. જેમાં તેણીના ફલેટ સામે રહેતો ભાણજી તેની સામે જોતો હોવાથી તેણીએ સામે જોવાની ના પાડતા શખસે હું તો તારા સામે અમસ્તા જોયા કરૂ છું તેમ કહ્યું હતું. અવાર નવાર તેણીને હેરાન કરતા હોવાથી આ બાબતની તેના પરિવારને વાત કરેલ છતાં શખસ સમજ્યો નહીં સામું જોવાનું ચાલુ રાખ્યું હતું. ગત.તા.૨૦ના તેણીએ ઘરનો દરવાજો ખોલયો ત્યારે શખસ તેના ઉંમરે આવી ગયેલ જેથી તેણીએ તેના પતિને કહ્યું કે આ આંધળો અહીંથી જાય તો સારૂ જેથી પતિ ઉભા થતા શખસ ભાગી ગયેલ અને પરત આવીને ઉશ્કેરાઈ અપશબ્દો બોલી પતિને કહ્યું કે બહાર નીકળો એટલે તમને જોઈ લેવા છે તમારૂ ઘર ખાલી કરાવું છું તેમ કહેતા તેણીએ ૧૮૧માં ફોન કરી પોલીસની શી ટીમ બોલાવેલ ત્યારે એભલ આવી ગયો અને ભાણજીનો પક્ષ લઈ ફરીયાદ નહીં કરવા તેણીનો હાથ પકડી રોકી અને તમને લાંબા કરી દેશુ તમને ધંધો પણ નહીં કરવા દઉ તેમ કહી ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બેલડીની શોધખોળ હાથ ધરી છે.

# બુટલેગરએ ઉછીના નાણાં પરત આપવાનો ઈનકાર કરી વિધવાના ઘરમાં કરી તોડફોડ

## બુટલેગરના ત્રાસથી કંટાળી મહિલા સહિતના પરિવારજનોએ પોલીસકમિશનરને કરી લેખિતમાં રજૂઆત

શહેરના જૂની જેલ પાસે આવેલ નવયુગ પરામાં રહેતી મહિલાએ બુટલેગરને આપેલા રૂપિયા ૨૦,૦૦૦ પરત માગતા બુટલેગર એ નાણા આપવાનો ઈન્કાર કરી મકાનમાં તોડફોડ કરી જાન થી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ કરી છે. આ અંગેની મળતી માહિતી મુજબ જૂની જેલ પાસે આવેલ નવયુગ પરા શેરી નંબર પાંચમાં રહેતા મધુબેન ગોવિંદભાઈ વઘેરા તેનો પુત્ર પાર્થ તથા પુત્રી અલ્પાબેન સહિત ના પરિવારજનોએ આજે પોલીસ કમિશનર ને લેખિતમાં અરજી આપી ફરિયાદ કરી છે કે નવયુગ પરા મા રહેતો અને દારૂનો ધંધો કરતો વિનોદ ઉર્ફે પૂરો જગદીશ ચાંડપા વિરોધ ફરિયાદ કરી છે કે આ શખ્સ પાસે તેઓ ૨૦,૦૦૦ રૂપિયા માગતા હોય અને તે રકમ પરત માગતા આ શકશે ઉશ્કેરાઈ જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરમાં ઘૂસી તોડફોડ કરી હતી જેના પગલે વિધવા અને તેના પરિવારજનોએ પોલીસમાં રજૂઆત કરી હતી પરંતુ સ્થાનિક પોલીસ માટે ખાસ ગણાતા બુટલેગર ને છાવરતા હોવાનો આક્ષેપ કરી પોલીસ કમિશનર ને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે આ બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસના આદેશો કરવામાં આવ્યા છે.

# રાજકોટમાં હાર્ટએટેકથી ચારના મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**







હાર્ટએટેકના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે રાજકોટમાં છેલ્લાં ૨૪ કલાકમાં ચાર લોકોના હૃદય થંભી ગયા છે. જેમાં ચાંદીકામ કામ કરતાં પારસભાઈ ગઢીયા, કલરકામ કરતો રામપ્રસાદ ગૌતમ, રિક્ષા ચાલક અજયભાઈ મેરાણ તેમજ જયેશભાઈ જોશીનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં નવા થોરાળા વાલ્મીકિનગર-૬ માં રહેતાં અજયભાઈ ભનુભાઈ મેરાણ (ઉ.વ.૪૦) તેઓ ગઈકાલે પોતાનાં ઘરે હતાં ત્યારે રાત્રીના ૯ વાગ્યાં આસપાસ બેભાન થઈ જતાં તાકીદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક અજયભાઈ રિક્ષા ચલાવતા હતા. તેઓને હાર્ટ એટેક આવ્યો હોવાનું પ્રાથમિક તારણમાં જાણવાં મળ્યુ હતું. તેને સંતાનમાં બે દિકરા હોવાનું અને તેઓ બે બહેન અને ત્રણ ભાઈમાં ચોથા નંબરના હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું.

બીજા બનાવની વિગત મુજબ સંતકબીર રોડ પર જીનીવા ડાઈંગ પાછળ બ્રહ્માણીપરા-૪ મા રહેતાં પારસભાઈ દેવજીભાઈ ગઢીયા (ઉ.વ.૪૦) તેઓ ગઈકાલ રાત્રિના સાડા ત્રણ વાગ્યાની આસપાસ બાથરૂમમાં ગયા હતાં ત્યારે ત્યાંજ ઢળી પડ્યા હતા. જેની જાણ તેનાં પરિવારજનોને થતાં તુરંત તેઓને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક પારસભાઈ ચાંદીકામનું કામ કરતાં હતાં. ત્રીજાં બનાવની વિગત મુજબ ગાંધીગ્રામમાં મોચીનગર-૬ માં રહેતાં જયેશભાઈ ગૌતમભાઈ જોષી (ઉ.વ.૫૩) તેઓ ગઈકાલ સાંજનાં સમયે પોતાના ઘરે હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતાં બેભાન થઈ ગયા હતા. બાદ તુરંત તેઓને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વધુ એક બનાવની વિગત મુજબ મોરબી રોડ સૅટેલાઈટ ચોક પાસે રહેતાં રામપ્રસાદ નુરાનીકુમાર ગૌતમ (ઉ.વ.૩૩) નામનો યુવક કલરકામ કરતો હતો. ગઈકાલે તેઓ બેડી ચોકડીથી થોડે દૂર માલિયાસણ તરફ જતાં એચ.પી.પેટ્રોલ પંપ પાસે ફાર્મ હાઉસમાં કલરકામ કરતો હતો ત્યારે સાંજના સાડા સાત વાગ્યાની આસપાસ હાર્ટ એટેક આવતાં બેભાન થઈ જતાં તાકીદે તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# અનુ. જાતિ સમાજના આગેવાનો દ્વારા ન્યાયની માંગણી સાથે રેલી યોજીઃ કલેકટરને આવેદન આપ્યું

## ત્રિકોણબાગથી નીકળેલી વિશાળ રેલી કલેક્ટર કચેરી પહોંચીઃ ઉચ્ચ અધિકારીઓને પડતર માંગણી બાબતે કરી રજૂઆત



અનુસૂચિત જાતિ અધિકાર આંદોલન હેઠળ અનુસૂચિત જાતિના મોટી સંખ્યામાં આગેવાનો ત્રિકોણબાગથી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી સાથે આગેવાનો પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર, વશરામ સાગઠિયા, માવજીભાઈ સહિતનાઓએ બેઠક યોજી મનપામાં સફાઈ કામદારોની ભરતી માટે જનરલ બોર્ડનો ઠરાવ નં.૧૬૪ રદ કરવા, કોઠારિયામાં લેન્ડ ગ્રેબિંગ કમિટી દ્વારા અનુસૂચિત જાતિ ઓબીસી અને અલ્પસંખ્યક સમાજના લોકોને કરેલા અન્યાય તેમજ નાનામવામાં જયભીમનગરમાં અનુજાતિના ૭૦૦ મકાનનું મનપા અને ભૂમાફિયા જે ડિમોલિશન કરવા માગતાં હોય તો તેનો સખત વિરોધ છે. તેમજ વોર્ડ નં.૧૧માં દસ્તાવેજ ધરાવતા અનુજાતિના લોકોના મકાનો ટીપી રોડનું બહાનું બનાવીને તોડી પાડ્યા છે. તે જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવા જણાવ્યું છે.

મનપા કમિશનરને રજૂઆતમાં પ્રેમમંદિર પાસેના મનપાના પ્લોટમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાવાળી જગ્યામાં ઝૂંપડાંઓ અને રહેણાક મકાનોની ખોટી યાદી તૈયાર કરી છે. જેમાં યોગ્ય કાર્યવાહી કરવા જણાવાયું છે. જ્યારે પોલીસ કમિશનરને રજૂઆતમાં નાનામવા સરવેમાં સૂચિત સોસાયટીવાળી જમીનના મૂળ ખાતેદાર દ્વારા સૂચિત સોસાયટીના સભ્યોને જમીનના વેચાણ દસ્તાવેજ કરી આપ્યા. બાદમાં કિંમત વધતા મૂળ ખાતેદાર દ્વારા બીજી વખત અન્યના નામે વેચાણ દસ્તાવેજ કરી આપ્યા હોય કાર્યવાહી કરવા જણાવાયું છે.